પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૪૦, કુલ પાના:૪, તારીખ: ૦૮-૧૦-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 40 PRICE :-RS. 1.50 DATE : 08-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે વિદ્યા સહાયકોનો વિરોધ પ્રદર્શન

ગાંધીનગર,

ગત મહિનામાં સરકારે ભરતી અંગેના પ્રશ્નોને લઈને કરેલી સ્પષ્ટમાં જણાવ્યું હતું કે રાજ્યમાં ૨૦૧૮માં લેવાએલ TET-1ના કુલ ૬ હજાર ૩૪૧ પાસ ઉમેદવારો સામે ફક્ત ૫૨ ઉમેદવારોને જ નિમણૂંક આપવામાં આવી છે.તે સાથે ૨૦૧૭માં લેવાયેલી TET-2 ના કુલ ૫૦ હજાર ૭૫૫ પાસ ઉમેદવારો સામે ફક્ત ૩ હજાર ૩૩૫ ઉમેદવારોને જ નિમણૂંક આપવામાં આવી છે ૯ થી ૧૨ની શિક્ષણ સહાયક ભરતી, કોલેજમાં પ્રાધ્યાપક ભરતી અને ધોરણ ૧ થી ૮ની અન્ય માધ્યમ વિદ્યાસહાયક ભરતી હાલમાં જ કરવામાં આવી છે.પરંતુ ગુજરાતી માધ્યમની ૩૩૦૦ ની વિદ્યાસહાયક ભરતી હજુ મુલતવી છે.વિદ્યા સહાયકોની ભરતી ન થતા હવે ઉમેદવારો આંદોલનના માર્ગે ઉતરી આવ્યા છે. ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે આજે ટેટ-૨ પાસ ઉમેદવારો એકઠા થયા. જ્યાં તેમણે બેનર દર્શાવીને વિરોધ વ્યક્ત કર્યો. તેઓ પ્રદર્શન કરી રહ્યા હતા તે દરમિયાન જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. શિક્ષિત બેરોજગાર સંઘની આગેવાનીમાં એકઠા થયેલા ઉમેદવારોનું કહેવું છે કે- રાજ્યમાં ૪૭ હજાર જેટલા ટેટ પાસે ઉમેદવારો બેરોજગાર છે. તેમની ભરતી અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. લેખિત અને રૂબરૂ મળીને પણ રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં આજદિન સુધી ભરતી ન થતાં હવે ધીરજ ખૂટી છે. ૨૦૧૮ પછી ગુજરાતી માધ્યમના ટેટ પાસ ઉમેદવારોની ભરતી નથી કરાઈ. જેના વિરોધમાં ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉમેદવારોએ પ્રદર્શન યોજ્યા હતા. જે મામલે પ્રદર્શનકર્તાઓની અટકાયત પણ કરવામાં આવી હતી. કપરા કોરોના કાળમાં બેરોજગારી જ્યારે અતિશય વધી રહી છે, ત્યારે સરકારનું પ્રાથમિક શિક્ષણ વિભાગ વિદ્યાસહાયકની ભરતીને લઈને ઠંડુ વલણ અપનાવે છે. તેથી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની ધીરજની પણ પરીક્ષા લેવાય છે. અન્ય શિક્ષણ સંબંધિત ભરતી રાબેતા મુજબ ચાલી રહી છે ત્યારે આ ઉમેદવારોને સરકાર તરફથી ફક્ત આશ્વાસન મળતું રહ્યું છે. ૨૦૨૧ જાન્યુઆરીમાં તત્કાલિન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ૯૨૭ સહાયક પ્રધ્યાપકો અને ૫૭૦૦ સહાયક શિક્ષકોની ભરતીની જાહેરાત કરી હતી. પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયક બનવા માંગતા ટેટ પાસ કરેલા અંદાજે ૫૦૦૦૦ ઉમેદવારો છેલ્લા ત્રણ વર્ષથી બેરોજગાર છે. ત્રણ વર્ષ દરમિયાન ગુજરાતી માધ્યમની વિદ્યાસહાયક ભરતી કરવા માટે ટેટ પાસ શિક્ષિત ઉમેદવારો ૪૦ વખત શિક્ષણ વિભાગમાં રજૂઆત કરી ચૂક્યા છે. હાલ પ્રાથમિક શાળામાં અંદાજે ૯ હજાર જેટલી જગ્યાઓ ખાલી છતાં ૩ વર્ષથી ભરતી બંધ રાખવામાં આવી છે.

## રાજ્ય સરકારે પાવરકટની કોઈ પ્રકારની જાહેરાત કરી નથી : ઊર્જામંત્રી કનુ દેસાઈ



ભાવનગર,

તા.૨૯ સપ્ટેમ્બરે દેશના ૧૩૫ કોલસા આધારિત પાવર પ્લાન્ટમાંથી ૧૬ પાવર પ્લાન્ટમાં કોલસાનો સ્ટોક ખતમ થઈ ગયો છે. કેટલાક પ્લાન્ટમાં ત્રણ દિવસથી ઓછો સ્ટોક રહ્યો છે. ૮૦ ટકા પ્લાન્ટ એવા છે કે, એક અઠવાડિયા સુધી ચાલે એટલો જ સ્ટોક છે. ગત અઠવાડિયે ડોમેસ્ટિક ગેસની કિંમતમાં વધારો થયો હતો. જેના કારણે આ સેક્ટરને પણ ક્યાંક અસર થઈ છે. રાજ્ય સરકારની આ સેક્ટર પર સતત નજર છે. જોકે, વીજકાપને લઈને લોકો અનેક પ્રકારની વાત કરી રહ્યા છે. જોકે, નોરતાના દિવસોમાં વીજકાપ લાગુ થશે તો ખરા અર્થમાં તહેવારની મજા માણવાનો લોકોને મુડ બગડશે.ગુજરાત રાજ્યમાં નોરતાના તહેવાર પર ગ્રામ્ય વિસ્તારમાં વીજકાપ લાગુ થવાનો છે. આ અહેવાલોએ લોકોમાં મોટી ચર્ચા ઊભી કરી છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના અંતર્ગત ઉત્તર ગુજરાતથી લઈને સૌરાષ્ટ્રના ભાવનગર સુધી ગ્રામ્ય વિસ્તારમાં બપોરે વીજકાપ રહેશે એવા વાવડ વહેતા થયા છે. જેની પાછળ ભારતમાં કોલસાની અછત હોવાનો મુદ્દો જોરશોરથી ચર્ચાય છે. આ મામલે રાજ્યભરમાં વીજકાપ લાગુ પડશે? શું તહેવાર ટાણે અંધારપટનો સામનો કરવો પડશે? એવા પ્રશ્નો લોકોમાં ઊઠ્યા છે. આ વિષય પર રાજ્યના નવા ઊર્જામંત્રી કનુ દેસાઈએ મોટી અને મહત્ત્વની સ્પષ્ટતા કરી દીધી છે. ઊર્જામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ અને ભારત સહિત ગુજરાત રાજ્યમાં વીજ સંકટ ઊભું થયું છે. આ વાત હાલ પૂરતી નથી. અત્યારે રાજ્ય સરકારે પાવરકટની કોઈ પ્રકારની જાહેરાત કરી નથી. હાલમાં ગુજરાત સરકાર જુદા જુદા પાસાઓનો વિચાર કરી રહી છે. આ વિષય પર સતત બેઠક અને મિટિંગ ચાલું છે. તહેવારના દિવસોમાં અંધારપટ અંગે ઊર્જામંત્રીએ કહ્યું કે, બે દિવસ પાવરકટનો સામનો કરવો પડે એવી કોઈ સ્થિતિ નથી. માગ અને સપ્લાય અનુસાર લોડ શેરિંગ નોર્મલ છે. રાજ્ય સરકાર વીજ મુદ્દે સ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે બેઠક કરી રહી છે. આવનારા દિવસોમાં સ્થિતિ બદલાય તો રાજ્ય સરકાર સત્તાવાર જાહેરાત કરશે. અત્યારે આ અંગે જે કોઈ વાત ચાલી રહી છે. એ અફવા છે. લોકોએ અફવાથી ગેરમાર્ગે દોરાવું ન જોઈએ. બીજી તરફ દેશમાં કોલસાની સ્થિતિ કંઈ ખાસ વખાણવા લાયક નથી. આવનારા દિવસોમાં કોઈ મોટું વીજ સંકટ ઊભું થઈ શકે એમ છે.

## ભારત અને અમેરિકાના સબંધોમાં મોટી સમસ્યા S-400 મિસાઈલ : અમેરિકા



નવી દિલ્હી,

ભારતે રશિયા સાથે આ સિસ્ટમ માટે ૨૦૧૮માં સોદો કર્યો હતો. આ સિસ્ટમની પહેલી બેચ ભારતને વર્ષના અંતમાં મળવાની છે. આ સિસ્ટમ માટે પાંચ અબજ ડોલરમાં સોદો કરાયો છે. રશિયા પાસેથી એસ-૪૦૦ એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાના ભારતના નિર્ણય સામે અમેરિકાએ ફરી વાંધો ઉઠાવ્યો છે. જો બાઈડેન સરકારના એક અધિકારીએ કહ્યુ છે કે, રશિયા પાસેથી આ સિસ્ટમ ખરીદવાનો નિર્ણય બંને દેશો વચ્ચેના સબંધોમાં એક સમસ્યા બન્યો છે. આ સોદો સુરક્ષાની દ્રષ્ટિએ કોઈના પણ હિતમાં નથી. અમેરિકાના ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ વેન્ડી શર્મન હાલમાં દિલ્હીમાં છે. તેમણે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યુ હતુ કે, જે પણ દેશ એસ-૪૦૦ એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાનુ નક્કી કરી છે તેમને લઈને અમેરિકાની નીતિ પહેલેથી જ જાહેર છે.ભારતનો આ સિસ્ટમ ખરીદવાનો નિર્ણય ખતરનાક છે અને આમ છતા હું કહેવા માંગુ છું કે, ભારત અને અમેરિકાના સબંધ મજબૂત છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ આ સિસ્ટમ ખરીદયા બાદ નાટો સંગઠનના સભ્ય તુર્કી પર પ્રતિબંધ મુક્યા હતા. હવે એવી આશંકા છે કે, અમેરિકા આ પ્રકારના પ્રતિબંધ ભારત પર પણ લગાવી શકે છે. આ અંગેના સવાલના જવાબમાં વેન્ડીએ કહ્યુ હતુ કે, અમે ભવિષ્ય અંગે વિચારી રહ્યા છે. અમેરિકા અને ભારત વચ્ચે ઘણા મુદ્દાઓનુ સમાધાન વાતચીતથી થયુ છે. અમને આશા છે કે, આ મુદ્દો પણ ઉકેલવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે વેન્ડી શર્મન અને ભારતના વિદેશ સચિવ હર્ષ શ્રૃંગલા વચ્ચે એસ-૪૦૦ સિસ્ટમના સોદા અંગે ચર્ચા થઈ હતી. એ પછી હવે ભારતના રક્ષા સચિવ અજય કુમાર પણ બહુ જલ્દી વોશિંગ્ટન ખાતે યોજનારી એક મહત્વની બેઠકમાં સામેલ થવા જવાના છે. જેમાં પણ આ મુદ્દે ચર્ચા થવાની છે.

## પાકિસ્તાનમાં ભૂકંપના તેજ આંચકા : ૨૦ના મોત, ૨૦૦થી વધુ લોકો ઘાયલ

નવી દિલ્હી,

રાજ્ય સરકારના એક વરિષ્ઠ અધિકારી સુહેલ અનવર હાશમીના કહેવા પ્રમાણે છતો અને દીવાલો પડવાના કારણે અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જ્યારે સરકારના મંત્રી મીર જિયા ઉલ્લાહે જણાવ્યું કે, તેમને ૨૦ લોકો માર્યા ગયા હોવાની સૂચના મળી છે અને બચાવ અભિયાન ચાલુ છે. તે વિસ્તારના ડેપ્યુટી કમિશનરે ભૂકંપના કારણે ઓછામાં ઓછા ૨૦૦ લોકો ઘાયલ થયા હોવાની માહિતી આપી હતી અને મૃતકઆંક વધવાની આશંકા વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયામાં ભૂકંપ બાદની અનેક તસવીરો વહેતી થઈ છે જેમાં ભૂકંપના આંચકા બાદ રસ્તા પર દોડી આવેલા લોકો જોઈ શકાય છે. પાકિસ્તાનમાં ભૂકંપના આંચકા બાદ રાહત અને બચાવ કામગીરી તેજ કરી દેવામાં આવી છે અને ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં ગુરૂવારે વહેલી સવારે ભૂકંપના તેજ આંચકા અનુભવાયા હતા જેમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મૃત્યુ થયા હોવાની આશંકા છે. તે સિવાય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હોવાનો પણ અહેવાલ છે. પાકિસ્તાનના હરનેઈ વિસ્તારમાં ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો જેના કારણે ભારે નુકસાન થયું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬ની આસપાસની હોવાનું માનવામાં આવે છે જેના કારણે ઠીકઠાક નુકસાન થવાની આશંકા રહે છે.

## દિલ્હી પોલીસે ૧૩ કરોડના હેરોઈન સાથે ડ્રગ સિન્ડીકેટને ઝડપી પાડી



નવી દિલ્હી,

જથ્થાબંધ ડ્રગ મંગાવનાર માફિયા એક વર્ચ્યુલ નંબરની મદદથી છુટક વેચાણ કરનારા લોકોનો સંપર્ક કરતો અને તેઓ જે સ્થળ કહેતા તે જગ્યાએ ડ્રગનો મુદામાલ પહોંચી જતો. આ આફ્રિકન નાગરિકોએ મોહન ગાર્ડન વિસ્તારમાં આવેલા એક ફ્લેટના જુદા જુદા માળે બે રુમ ભાડે રાખ્યા હતા. નીચેના રુમમાં તેઓ રહેતાં અને સૌથી ઉપરના માળે ડ્રગ તૈયાર કરવાની આખી એક ફેક્ટરી ઉભી કરી દીધી હતી. આ ફેક્ટરીમાં તેઓ હેરોઇનમાં મિક્ષ કરવાના કામમાં ઉપયોગી એવા કેટલાંક પદાર્થો અને રસાયમોનું મિશ્રણ કરતાં હતા એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.દિલ્હી પોલીસે પાટનગરના દ્વારકા વિસ્તારમાંથી રુ. ૧૩ કરોડના હેરોઈન સાથે ત્રણ આફ્રિકન નાગરિકોને ઝડપી પાડી આ વિસ્તારમાં છેલ્લા કેટલાંય સમયથી સક્રિય એવી ઈન્ટરનેશનલ ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ કરી દીધો હતો એમ દિલ્હી પોલીસે બુધવારે કહ્યું હતું. પોલીસે આ સિન્ડિકેટના માસ્ટર માઈન્ડ ગણાતા ૪૧ વર્ષિય સ્ટેન્લી ચિમેઈઝ અલાસોન્યે, ૪૨ વર્ષિય હેનરી ઓકોલિ અને ૩૭ વર્ષિય પીટર ઈગ્બોન્ઝુને ૧.૩૦૦ કિ.ગ્રા વજનના હેરોઈન સાથે ઝડપી લીધા હતા પોલીસના કહેવા મુજબ આ ગેંગ તાજેતરમાં પાટનગરના ઉત્તમ નગર અને મોહન ગાર્ડન વિસ્તારમાં સક્રિય બની હતી. આ તમામ ત્રણ આરોપીઓ ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી કરીને આવ્યા હતા અને તેઓ કોપિમ જાતના વિઝા વિના ભારતમાં રહેતા હતા. ડ્રગના આ પ્રતિબંધિત જથ્થાને ભારતીય પાસપોર્ટ ધારકની મદદથી નાઈઝિરિયાથી વાયા રશિયા થઈ ભારતના કોબિંદરે લાવવામાં આવ્યો હતો એમ પોલીસે કહ્યું હતું. દ્વારકા વિસ્તારના ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ શંકર ચૌધરીએ કહ્યું હતું કે ગત ૧ ઓક્ટોબરના રોજ પોલીસે બાતમીના આધારે મોહન ગાર્ડન વિસ્તારમાં એક છટકું ગોઠવ્યું હતું અને ઓકોલી અને ઈગ્બોન્ઝુને ૧ કિલો હેરોઈન સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. આ બંને આફ્રિકન નાગરિકો ૨૦૧૯ની સાલમાં બાંગ્લાદેશ થઈને ભારત આવ્યા હતા. પોલીસની પૂછપરછમાં તેઓએ માહિતી આપી હતી કે આ પ્રતિબંધિત ડ્રગનો જથ્થો નાઈઝિરિયાથી વાયા રશિયા થઈને ભારતમાં આવ્યો હતો એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું. તેઓએ એમ પણ કહ્યું હતું કેટલીક વાર આ ડ્રગને બાંગ્લાદેશ અને નેપાળથી પણ ભારતમાં ઘૂસાડવામાં આવતી હતી.

## કેન્દ્ર સરકારની મંજુરી આપી વૃદ્ધ દિવ્યાંગોને ઘર બેઠા મળશે વેક્સીન

નવી દિલ્હી,

આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, ૬૦ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિ તેના ઘરની નજીક રસી મેળવી શકશે. આ સિવાય ૬૦ વર્ષથી ઓછી ઉંમરના વિકલાંગોને તેમના ઘરની નજીક રસીકરણની સુવિધા પણ આપવામાં આવશે. આ માટે, તેઓ અન્ય લોકોની જેમ અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈ શકે છે. એટલું જ નહીં, જો તેઓ ઈચ્છે તો તેઓ કેન્દ્ર પર પહોંચીને સ્થળ પર રજીસ્ટ્રેશન દ્વારા રસી પણ મેળવી શકે છે.વેક્સીનેશન સેંટર સુધી પહોંચવામાં અસમરથ લોકો માટે કેન્દ્ર સરકારે ઘરમાં જ વેક્સીનની વ્યવસ્થા કરવાની મંજુરી આપી છે હેલ્થ મિનિસ્ટ્રીએ ગુરૂવારે કહ્યુ કે આવા લોકોને ઘરે જ હેલ્થ ટીમ તરફથી વેક્સીન લગાવાશે. આ માટે તેમણે ક્યાય પણ ટીકાકરણ માટે અરજી કરવાની જરૂર નથી. નીતિ આયોગના સભ્ય વીકે પોલે સાપ્તાહિક પ્રેસ કોંફ્રેંસ દરમિયાન સરકારને આ નિર્ણયની માહિતી આપી, આ નિર્ણય હેઠલ નિયર ટૂ હોમ કોવિડ વેક્સીનેશન સેંટર્સ સ્થાપિત કરાશે. તેનાથી દિવ્યાંગો અને વડીલોને કોરોના રસી લગાવવા માટે મુસાફરી કરવાની જરૂર નહી પડે અને નિકટમાં જ વેક્સીન લાગી જશે. હેલ્થ મિનિસ્ટ્રીના સચિવ રાજેશ ભૂષણે જાહેર કરેલી માહિતીમાં જણાવવામાં આવ્યું હતું કે ડોર ટુ ડોર રસીકરણનો પ્રસ્તાવ નિષ્ણાત સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. પરંતુ આ દરખાસ્ત મંજૂર કરવામાં આવી ન હતી. જોકે, દિવ્યાંગ અને વૃદ્ધ લોકોને તેમના ઘરની નજીક રસીકરણ કેન્દ્રો બનાવીને રસી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે? આ દરખાસ્ત હેઠળ, કોમ્યુનિટી સેન્ટર્સ, રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશન સેન્ટર્સ, પંચાયત બિલ્ડિંગ્સ, સ્કૂલ બિલ્ડિંગ્સ વગેરેમાં કેન્દ્રો સ્થાપવામાં આવશે અને ત્યાં કોરોના વેક્સીન આપવામાં આવશે.

## પંજાબ-હરિયાણામાં આગ નાસાની સેટેલાઈટ તસવીરોમાં દેખાઈ



નવી દિલ્હી,

પંજાબ અને હરિયાણાના જે શહેરોને રેડ એલર્ટ વિસ્તારોમાં સમાવવામાં આવ્યા હતા તેમાં અમૃતસર, જાલંધર, લુધિયાણા, ચંડીગઢ અને ફરીદાબાદ જેવા જિલ્લાઓનો સમાવેશ થાય છે. જ્યારે પાકિસ્તાનમાં લાહોર, ફૈઝાબાદ, ગુજરાંવાલા અને સરગોધા આસપાસ પરાળી સળગાવાની આગ જોવા મળી હતી. નાસાના ડેટા મેપ પર નજર કરીએ તો ખ્યાલ આવશે કે ૧ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર વચ્ચે પંજાબ અને હરિયાણામાં પરાળી સળગાવવાની ઘટનાઓ તેજીથી વધી છે. વૈજ્ઞાનિકોની ચેતવણી છે કે આ વખતે ચોમાસામાં મોડુ થતા તેની અસર પ્રદુષણ પર પડી રહી છે. છ ઓક્ટોબરથી ઘણા વિસ્તારોમાં ચોમાસુ પુરુ થવા જઈ રહ્યું છે. એવામાં ખેડૂતો પાસે બહુ ઓછો સમય વધ્યો છે. હાલ ખેડૂતોએ પરાળી સળગાવવાની શરૂઆત જ કરી છે. અને આગામી દિવસોમાં તેમાં વધારો થાય તો દિલ્હીમાં પ્રદુષણનું પ્રમાણ વધી શકે છે. દર વર્ષની જેમ આ વખતે પણ પંજાબ, હરિયાણામાં ખેડૂતો દ્વારા પરાળી સળગાવવામાં આવી રહી છે. પરાળી સળગાવવાની તસવીરો નાસાના સેટેલાઈટ દ્વારા પણ જાહેર કરવામાં આવી છે. આ તસવીરોમાં માત્ર પંજાબ અને હરિયાણા નહીં પાકિસ્તાનમાં પણ પરાળી સળગાવાતી દેખાડવામાં આવી છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે આ વખતે ઉત્તર ભારતમાં અગાઉ કરતા વધુ પ્રમાણમાં પરાળી સળગાવવામાં આવી શકે છે. કેમ કે આ વિસ્તારોમાં ચોમાસાની વાપસીમાં મોડુ થયું છે. નાસાના ફાયર મેપથી સામે આવ્યું છે કે હરિયાણા, પંજાબ અને પાકિસ્તાનના કેટલાક હિસ્સામાં અત્યારથી જ પરાળી સળગાવવાનું શરૂ થઈ ગયું છે. ફાયર મેપે આ વિસ્તારોને રેડ એલર્ટ તરીકે દેખાડયા છે. જોકે સાંજ ઢળતા જ આ વિસ્તારોમાં રાહત જોવા મળી રહી હોવાનો દાવો પણ આ મેપ દ્વારા કરાયો છે. વૈજ્ઞાનિકોનું કહેવુ છે કે આકાશમાં વાદળા હોવાથી તેમજ વરસાદ પડવાથી થોડી રાહત જોવા મળી છે.




# સંતરામપુર સ્ટેટ હોસ્પીટલમાં PSA પ્લાન્ટના લોકાર્પણમાં રાજ્ય મંત્રી કુબેરભાઇ ડીંડોર સહભાગી થયા

લુણાવાડા,

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે દેવભૂમિ ઉત્તરાખંડની પવિત્ર ધરતી પરથી દેશના વિવિધ રાજ્યોમાં પી.એમ.કેર પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટનું રાષ્ટ્રવ્યાપી ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મહીસાગર જિલ્લાની સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે પ્રધાનમંત્રીએ ઓક્સિજન પ્લાન્ટનું ઇ-લોકાર્પણ કર્યું હતું. આ ઇ-લોકાર્પણ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનીક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી પ્રો.ડો. કુબેરભાઇ ડીંડોર સહભાગી થયા હતાં.

પ્રાસંગીક પ્રવચન કરતાં રાજ્ય મંત્રી ડીંડોરે જણાવ્યું કે, આજે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને પ્રધાન સેવક તરીકે ૨૦ વર્ષ પુરા થયા છે. તા. ૭ ઓક્ટોબર-૨૦૦૧માં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી ગુજરાતને વિકસીત રાજ્ય બનાવ્યું છે. તેમણે કહ્યું કે, કોરોનાની વૈશ્વિક મહામારીમાં વડાપ્રધાન નેરન્દ્રભાઇ મોદીના લોકડાઉન સહિતના સમયસરના નિર્ણયો અને ડાક્ટરો, નર્સ તથા પેરામેડીકલ સ્ટાફ અને કોરોના વોરીયર્સની મહેનતથી લાખો લોકોની જિંદગી બચાવી શકાઇ છે. વધુમાં જણાવ્યું કે, કોરોનાના કપરા કાળમાં તબીબી ક્ષેત્રના તમામ લોકોએ પોતાની જાન કે પરિવારની ચિંતા કર્યા સિવાય લોકોની સેવા કરી છે તેમને અભિનંદન પાઠવી તેમની સેવાઓને બિરદાવું છું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નવા ભારતમાં દેશના વૈજ્ઞાનિકોએ કોરોના પ્રતિરોધક રસી શોધી લોકોને સુરક્ષા પુરી પાડી છે તથા બીજા દેશોને પણ આપણે રસી પહોંચાડી સેવાનું ખુબ મોટું કામ કર્યુ છે. મંત્રીએ કહ્યું કે, કોરોનાની બીજી લહેરમાં આપણે સૌએ ઓક્સિજનની કમી અનુભવી છે ત્યારે સંભવિત થર્ડ વેવના આગોતરા આયોજનના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં ૦૯ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરી દેવામાં આવ્યા છે. પ્રાણવાયું-ઓક્સિજનની કમીના કાયમી નિવારણ માટે રાજ્ય મંત્રીએ લોકોને વૃક્ષારોપણ કરવા અપીલ કરી હતી. વધુમાં તેમણેકોરોના થર્ડ વેવની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે આજે નવરાત્રિના પ્રથમ નોરતે મા અંબેને પ્રાર્થના કરીએ કે થર્ડ વેવ આવે જ નહીં અને લોકોનું આરોગ્ય નિરામય રહે.

અગ્રણી દશરથભાઇએ જણાવ્યું કે, કોરોનાની વૈશ્વિક મહામારીના સામે દુનિયાના વિકસીત દેશોની સરખામણીએ ભારતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં યુધ્ધના ધોરણે વ્યવસ્થાઓ ગોઠવી લોકોના જીવ બચાવાયા છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનએ વૈજ્ઞાનિકોમાં મુકેલા ભરોસાના લીધે ભારતને સ્વદેશી રસી બનાવવામાં ખુબ ટુંકાગાળામાં મોટી સફળતા મળી છે. કોરોના રસીકરણમાં પણ આપણું ગુજરાત અને મહીસાગર જિલ્લો ૯૬ ટકા સાથે અગ્રેસર છે તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સ્વપનીલ શાહે તેમજ આભાર દર્શન સ્ટેટ ઓસ્પિટલના અધિક્ષક ડો.એલ.એન. વણકરે કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, સંતરામપુર નગરપાલિકા પ્રમુખ સુનીતાબેન ખાંટ,તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન પટેલિયા, ઇનચાર્જ જિલ્લા કલેકટર કે.ડી.લાખાણી,આરોગ્ય સમિતિના ચેરમેન મંજુલાબેન ખાંટ,પ્રાન્ત અધિકારી કૌશિક જાદવ,જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલીકાસદસ્યો, અગ્રણીઓ સર્વસંદીપભાઈ, બળવંતભાઈ, રમેશભાઈસહિત સ્ટેટ હોસ્પિટલના તબીબો-કર્મીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ અને નર્સીંગ કોલેજપરીવાર ઉપસ્થિત રહ્યો હતો.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

**મહિસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા ખાતે નવરાત્રી મહોત્સવ નિમિત્તે પ્રથમ નોરતા ના દિવસે જ તમામ હોમેગાર્ડ ના પોઈન્ટ ફાળવવામાં આવ્યા હતા આજથી લઈને ૧૦ દિવસ સુધી હોમગાર્ડ્સ જે તે પોઈન્ટ ખાતે પોતાની ફરજ બજાવશે. જ્યારે તમામ ઉત્સાહકો ગરબા નો આનંદ માણશે ત્યારે આ હોમગાર્ડ કર્મીઓ પ્રજા ની રક્ષા માં તત્પર રહેશે.**

# મહીસાગર જિલ્લા કક્ષાના વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરાઇ

લુણાવાડા,

પર્યાવરણ જાળવણી માટે વૃક્ષો, વનોની સાથોસાથ વન્ય જીવોનું રક્ષણ પણ ખુબ જરૂરી છે. એટલે જ ભારતમાં વર્ષ ૧૯૫૫ થી દર વર્ષે અહિંસાના પૂજારી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતીથી દર વર્ષે તા.૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્ય પ્રાણી સપ્તાહ' ઉજવવામાં આવે છે. જેમાં વન વિભાગ સહિત વન્ય પ્રાણીઓના રક્ષણ માટે કાર્યરત NGO અને શૈક્ષણિક સંસ્થાઓ ઉત્સાહભેર જોડાય છે. વનવિભાગ દ્વારા વનકર્મીઓ, પ્રકૃતિ સંરક્ષકો અને જાગૃત્ત નાગરિકોને તાલીમ આપવાની સાથોસાથ તેમની સારી કામગીરી માટે સન્માનિત પણ કરવામાં આવે છે. આ વર્ષે 'forest and livelihood: sustaining people and planet' ની થીમ પર વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ એ કુદરતની વિવિધતાનો અમુલ્ય વારસો છે તેવી લાગણી વ્યક્ત કરતાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનીક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી પ્રો.ડો. કુબેરભાઇ ડીંડોરે જણાવ્યું કે, યુવા પેઢીમાં એની અગત્યતાની સમજણ કેળવવાથી જ આ વારસો સચવાશે.અન્યથા ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓ વિલુપ્ત થઈ ગયાં છે અને ઘણાનું અસ્તિત્વ જોખમમાં છે. વન્યપ્રાણીઓને લીધે પર્યાવરણમાં સંતુલન જળવાઇ રહે છે. અમુલ્ય વન જીવ સૃષ્ટિનું જતન સંવર્ધન અને સંરક્ષણ કરવું આપણા સૌની સહિયારી જવાબદારી છે તેમ જણાવતા મહિસાગર જિલ્લા કક્ષાના વન્યપ્રાણી સપ્તાહ સમારોહને રાજ્ય મંત્રી પ્રો.ડો. કુબેરભાઇ ડીંડોરે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

મહીસાગર જિલ્લાના સંતરામપુર એસ.પી.હાઇસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે નરસીંગપુર પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત,પ્રાર્થના અને મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ સમારોહમાં વન્યપ્રાણીઓ દ્વારા ખેડૂતોના પશુધનના મારણના બદલામાં સરકાર તરફથી રૂપિયા ૨.૯૪ લાખની સહાયના ચેકનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે શ્રેષ્ઠ કામગીરી કરનાર વન કર્મીઓ તેમજ વન્યપ્રાણી સંરક્ષણમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સામાજીક સંસ્થાના સ્વયંમ સેવકોને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન વન્ય જીવોનું મહત્વ વિષય પર યોજાયેલ નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાથીઓને પ્રશસ્તિપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.



પ્રારંભમાં સ્વાગત પ્રવચનમાં મહીસાગર વન વિભાગના નાયબ વન સંરક્ષક આર.બી. પટેલે મહાનુભાવોને આવકારી વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન અંગે તેમજ વન્યપ્રાણી સપ્તાહ ઉજવણી અંગે થયેલ કામગીરીની આછેરી ઝલક આપી હતી. આભારદર્શન મદદનીશ વન સંરક્ષક એ.એસ.પટેલે કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર,સંતરામપુર નગરપાલિકા પ્રમુખ સુનીતાબેન ખાંટ,તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન પટેલિયા, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા પોલીસ અધિક્ષક આર.પી. બારોટ, નાયબ વન સંરક્ષક રૂષિરાજસિંહ પુવાર, પ્રાન્ત અધિકારી કૌશિક જાદવ, અગ્રણીદશરથભાઈ બારીયા,વન વિભાગના અધિકારીઓ, વન કર્મચારીઓસહિત વન મંડળીઓના હોદ્દેદારઓતેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરમાં વર્ષો જુની સીટી સર્વે કચેરી જીલ્લા સેવા સદન ખાતે ખસેડવામાં આવતા લોકોમાં રોષ

સંતરામપુર,

સંતરામપુરમાં વર્ષો જૂની સીટી સર્વે કચેરી મહિસાગર જિલ્લામાં ખસેડવામાં આવી. સંતરામપુર નગરમાં વર્ષો જૂની સિટી સર્વેની કચેરી સ્થાનિક લોકો માટે નકલો કાઢવા માટે સંતરામપુર નગરના ભોઈવાડા વિસ્તારમાં આવેલી હતી, પરંતુ અચાનક સિટી સર્વેની કચેરી મહિસાગર જિલ્લાના સેવાસદનમાં ખસેડવામાં આવતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સામાન્ય નકલ કઢાવવા માટે હવે લુણાવાડા ૨૦૦ રૂપિયા ભાડું ખર્ચી અને સમય બગાડીને જવું પડશે સંતરામપુર પ્રાંત અને મામલતદાર કચેરીમાં જગ્યાના ફાળવતા સિટી સરવે કચેરી લુણાવાડા ખાતે કાર્યરત કરવામાં આવેલી હતી. સંતરામપુર તાલુકો સૌથી વધારે વસ્તી ધરાવતો અને સૌથી મોટો તાલુકો હોવા છતાંય વારંવાર આ કચેરીમાં કામ પડતું હોય છે. સામાન્ય વ્યક્તિ માટે ભાડુ ખર્ચીને લુણાવાડા જવા માટે અઘરૂં બનતું હોય છે. હવે સીટી સર્વે કચેરીની દસ રૂપિયાની નકલ કઢાવવા માટે ૨૦૦ રૂપિયા ખર્ચવા પડશે. આ સીટી સર્વેની કચેરીની આજ સુધી કાયમી છે. જગ્યા ફાળવવામાં આવેલી જ નથી. હવે સ્થાનિક અરજદારો માટે હેરાન થવાનો વારો આવ્યો છે. સીટી સર્વે કચેરીનું રોજીંદુ કામ પડતું હોય છે. આટલા કામ માટે વારે ઘડી જિલ્લામાં જવું અઘરૂં બનતું હોય છે. સંતરામપુર થી લુણાવાડા ૩૫ કિમી અંતર કાપીને વારે ઘડી અરજદારો જઈ ના શકે વર્ષો જૂની સિટી સરવે કચેરી મહિસાગર જિલ્લામાં ખસેડવામાં આવતા સ્થાનિક લોકોમાં અરજદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અચાનક જ આખું દફતર જિલ્લામાં ખસેડી દેવામાં આવેલુ હતું. હવે ના જેવી કામગીરી માટે પણ લુણાવાડા જવું અઘરૂં બનતું હોય છે. મધ્યમ અને ગરીબ વ્યક્તિ માટે મોટા પાયે નુકસાન થવા પામ્યું છે. અરજદારો અને સ્થાનિક લોકોની માગણી છે કે સંતરામપુરમાં સીટી સર્વે કચેરી સ્થાનિક સંતરામપુરમાં કાર્યરત થાય સ્થાનિક અરજદારો ઈચ્છી રહ્યા છે. આ અંગેની સ્થાનિક રહીશોએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.





તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

## પતિએ પત્નીને બનાવી બેન

# લુણાવાડાના સોનેલામાં જમીન કૌભાંડ થતાં લેન્ડ ગ્રેબિંગ એકટ દાખલ

લુણાવાડા,

મહીસાગર જિલ્લાનું વડું મથક લુણાવાડા બન્યા બાદ લુણાવાડા સહિત આજુબાજુના વિસ્તારોના ભાવ ઉચકાતાં તાલુકામાં ભુ-માફિયાઓ દ્વાર ઠેરઠેર દબાણો થવા લાગ્યા છે. જ્યારે સરકાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ એકટ નવો કાયદો લાવતા મહીસાગર જિલ્લામાં મોટા પાયે જમીન કૌભાંડની અરજીઓ થઈ છે. ત્યારે સોનેલા ખાતા નં ૯૨૫ ના બ્લોક સર્વે નં ૧૭૦ નો જૂનો સર્વે નં ૧૯૮ ની સડા ત્રણ એકર જમીનમાં બોગસ મરણનો દાખલો મૂકીને પેઢીનામું તૈયાર કરી મુકવામાં આવેલ છે ત્યારે પંચાયતમાં તા.૦૮/૧૦/૨૦૧૫ ના રોજ લીંમ્બોદ્રા ગ્રૂપ ગ્રામ પંચાયતમાં આવા કોઈ વ્યક્તિનું મરણ નોંધાયેલ નથી. પરંતુ બીજાના મરણના દાખલા ઉપર ચેક-ચાક કરી પોતાના દાદાનું નામ હાથે લખી ઈ-ધરા મામલતદાર અને પ્રાંત અધિકારીને રજૂ કરી પટેલ ભીખાભાઈ મણીલાલ દ્વારા જમીન પોતાના નામે કરી હતી. જેમાં ૩૮ વ્યક્તિ સંયુક્ત ભાગીદાર છે તેમાં કોઈ જગ્યાએ ફોટો તેમજ સહી લેવામાં આવેલ નથી. એમની જાણ બહાર બિન અવેજી વહેંચણી કરાર કરી કંઈ ન બરોબર વહેંચી મારેલ છે. ઉપરાંત રૂ.૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર ૩૮ સંયુક્ત ભાગીદારોમાં પટેલ ભીખાભાઈ પટેલ દ્વારા પોતાની બહેનના ફોટાની જગ્યાએ પોતાની પત્નીનો ફોટો લગાવીને પત્નીને બહેન બનાવી બિન અવેજી વહેંચણી કરારની તાપસ કરવામાં આવે તો મોટા કૌભાંડના ખુલાસા થાય તેવા આક્ષેપો સાથે લેન્ડ ગ્રેબિંગ એકટ દાખલ કરવામાં આવી હતી.

**આ જમીન માં કુલ ૩૮ સંયુક્ત ભાગીદારો છે. તેમાં થી આઠ જેટલા ભાગીદારો એ આ જમીનમાં કોપરેટીવ બેન્કો માંથી લોન લીધેલ છે. તો બોજા પડેલ જમીન કઈ રીતે હિસ્સા વહેંચણી થઈ.**

### નોંધ સર્કલ દ્વારા નામંજુર કરવામાં આવી અને પ્રાંત દ્વારા મંજુર

**પટેલ ભીખાભાઈ દ્વારા રૂ.૧૦૦ સ્ટેમ્પ ના બિન અવેજી વહેંચણી કરારમાં મુકવામાં આવેલ મરણનો દાખલો જોતા સ્પષ્ટપણે દેખાઈ આવે છે કે બીજાના નામ ઉપર ચેકચાક કરી પોતાના દાદા રાયજીભાઈનું નામ લખવામાં આવેલ જે નોંધ સર્કલ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ મરણના દાખલામાં ચેકચાક કરી પોતે નોકરી કરતા માલવણની સ્કૂલ જય અંબે કન્યા વિદ્યાલયમાં ટુ કોપી કરી પ્રાંતમાં અપીલ કરવામાં આવતાં પ્રાંતે નોંધ મંજૂરી કરી હતી.**

# ધો.૧થી ૫ની શાળાઓ શરૂ કરવા કમિટીના રિપોર્ટ બાદ નિર્ણય લેવાશે : શિક્ષણ મંત્રી

રાજકોટ,

જિતુ વાઘાણીએ ધો.૧થી ૫ની સ્કૂલો શરૂ કરવા અંગે જણાવ્યું હતું કે સરકાર દ્વારા આ અંગે તૈયારી કરી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગના અગ્રણીઓ, સચિવ અને આરોગ્ય વિભાગ તથા મનોચિકિત્સકને સાથે રાખીને કમિટીની રચના કરવામાં આવશે. કમિટીના રિપોર્ટ બાદ શાળાઓ શરૂ કરવાને લઈને નિર્ણય લેવામાં આવશે. સૂત્રો પાસેથી માહિતી મુજબ, દિવાળી પહેલાં ધો.૧થી ૫ની સ્કૂલો શરૂ કરવાની તૈયારીમાં છે. દિવાળી પહેલા શાળાઓ શરૂ કરવાની રાજ્ય સરકારની તૈયારીમાં હોવાની સૂત્રો પાસેથી માહિતી મળી છે. ધોરણ ૧ થી ૫ની શાળાઓ શરૂ કરવાને લઈને સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું પણ સૂત્રો જણાવે છે. આ મામલે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ નિવેદન આપ્યું છે. મંત્રીએ કહ્યું કે શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ તથા મનોચિકિત્સકોને સાથે રાખીને કમિટીની રચના કરાશે. કમિટીના રિપોર્ટ બાદ શાળાઓ શરૂ કરવાને લઈને નિર્ણય લેવાશે તેમ વાઘાણીએ ઉમેર્યુ છે. પ્રજાનું ઋણ સ્વીકાર કરવા જન આશીર્વાદ યાત્રા માટે શિક્ષણમંત્રી જિતુ વાઘાણી આજે રાજકોટ જિલ્લામાં આવ્યા. રાજકોટના કુવાડવા ખાતે તેમનું કંકુ તિલકથી સ્વાગત કરાયું હતું અને બાદમાં ખોડલધામ પહોંચ્યા હતા. મંદિરમાં પ્રવેશે એ પહેલાં પગથિયાં પર નતમસ્તક થઈ મા ખોડલ સમક્ષ શીશ ઝુકાવ્યું હતું. બાદમાં માતાજીનાં દર્શન કરી ધ્વજારોહણ કર્યું હતું. ધ્વજારોહણ કરતાં પહેલાં જિતુ વાઘાણીએ ધ્વજાને માથું ટેકવ્યું હતું. બાદમાં ૧૦૦ કિલો ચાંદી સાથે રજતુલા યોજાઈ હતી.

# ડેપ્યુટી CM અજીત પવાર સંબધિત કંપનીઓ પર ITની રેડ

મુંબઈ,

ઈનકમ ટેક્સ દ્વારા દરોડા પાડવામાં આવતા અજીત પવારે કહ્યું કે, મને અફસોસ નથી કે મારી કંપનીઓ પર દરોડા પાડવામાં આવ્યા. પણ મારા સંબંધીઓ પર કેમ દરોડા પાડવામાં આવ્યા? તેમને આ કંપનીઓ સાથે કોઈ લેવાદેવા નથી. આટલું નીચું સ્તરનું રાજકારણ મેં ક્યારેય જોયું નથી. તેમણે કહ્યું કે સરકારો આવે છે અને જાય છે, પરંતુ અહીં જનતા જ બધું છે. લોકો હંમેશા યોગ્ય નિર્ણય લે છે. તમને જણાવી દઈએ કે, આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવેલી કંપનીઓ તમામ ખાંડ મિલો છે. અજીત પવારના નજીકના સંબધીઓ અને સુગર મિલ ફેક્ટરીના ડિરેક્ટરના ઘરે આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હોવાની માહિતી મળી રહી છે. આવકવેરા વિભાગ દ્વારા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવાર સંબંધિત કંપનીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. આ વાતની પુષ્ટિ કરતા અજિત પવારે કહ્યું કે, આવકવેરા વિભાગે મારી સંબંધિત કંપનીઓ પર દરોડા પાડ્યા છે. આવકવેરા વિભાગને કોઈપણ શંકાસ્પદ વ્યક્તિની સંસ્થા પર દરોડા પાડવાનો અધિકાર છે. અજીત પવારે વધુમાં જણાવ્યું હતું કે, "આવકવેરા વિભાગને કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ પર દરોડા પાડવાનો અધિકાર છે. મારા સંબંધિત કંપનીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. હું નિયમિતપણે ટેક્સ ચૂકવું છું. નાણામંત્રી હોવા છતાં કયા પ્રકારનું નાણાકીય સંચાલન કરવું પડે છે,તે મને ખબર છે અને હું નિયમિત ટેક્સ ભરૂ છુ" અજીત પવારે કહ્યું કે, મારી સાથે સંબંધિત કંપનીઓએ સમયાંતરે ટેક્સ ચૂકવ્યો છે. છતાં આ દરોડા રાજકીય દ્વેષને કારણે પાડવામાં આવી રહ્યા છે. વધુમાં પવારે કહ્યું કે મારી સાથે જોડાયેલી કંપનીઓ પર દરોડા પાડવામાં આવ્યા, મારે આ વિશે કંઈ કહેવાનું નથી, હું પણ એક નાગરિક છું, પણ મને દુઃખ છે કે મારી બહેનો કે જેમના ૩૫-૪૦ વર્ષ પહેલા લગ્ન કર્યા છે, જેઓ તેમના સાંસારિક જીવનમાં વ્યસ્ત છે. તેમના ઘરે પણ રેડ લગાવવામાં આવી છે.



# નરેન્દ્રભાઈ મોદીના રાજકીય શાસનના ૨૦ વર્ષ પૂર્ણ

નવી દિલ્હી,

ગુજરાત મોડલની એટલી ચર્ચા થઈ કે, ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓ માટે મોદી વડાપ્રધાનનો ચહેરો બનીને ઉભર્યા. મોદી ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની ચૂંટણીઓ સતત જીતીને કોંગ્રેસ અને ગાંધી પરિવારને આકરો પડકાર આપવા માટેનો આધાર બની ગયા હતા. ૨૦૧૩માં ભાજપે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરી દીધા હતા. મે ૨૦૧૪માં પીએમ મોદીએ ગુજરાતથી દિલ્હીની સનસનાટીભરી રાજકીય યાત્રા કરી હતી. તેમના નેતૃત્વમાં યોજાયેલી તે ચૂંટણીમાં ભાજપે પૂર્ણ બહુમત હાંસલ કર્યો હતો. એવું કહેવાય છે કે, તે ચૂંટણીમાં ભાજપનું ચૂંટણી ચિહ્ન ભલે કમળ રહ્યું હોય પરંતુ ચહેરો તો એકમાત્ર નરેન્દ્ર મોદી જ હતા. તે ચૂંટણી બૂથ પર લડાઈ હતી પરંતુ સોશિયલ મીડિયા પણ તેનું ઈલેક્શન બેટલગ્રાઉન્ડ રહ્યું હતું. તે ભારતની પહેલી એવી ચૂંટણી હતી જેમાં ફેસબુક, ટ્વિટર અને વ્હોટ્સએપ પણ તે હદે પ્રભાવી રહ્યા હતા. નરેન્દ્ર મોદી સોશિયલ મીડિયાને પોતાના ફાયદામાં સામેલ કરવાના હુનરના ઉસ્તાદ સાબિત થયા હતા. મોદી દિલ્હી પહોંચ્યા તે સાથે જ શાસનની એક નવી પદ્ધતિ શરૂ થઈ. તેમણે સત્તાને પોતાની મુઠ્ઠીમાં સીમિત કરી તો શાસનના પરિણામની જવાબદારીઓ પણ પોતાના માથે લીધી. તેમણે દેશ ચલાવતા અનેક કાયદાઓને તિલાંજલિ આપી, પીએમઓમાં નવી કાર્ય સંસ્કૃતિ વિકસિત કરી. ભાજપના કહેવા પ્રમાણે પીએમ મોદીએ વિકાસ અને જનકલ્યાણકારી નીતિઓને પોતાનો આધાર બનાવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૭ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ સાર્વજનિક જીવનના ૨૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ૨૦ વર્ષોમાં તેઓ ૧૨ વર્ષ કરતા વધારે સમય ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા છે અને હાલ ૭ વર્ષ કરતા પણ વધારે સમયથી દેશના વડાપ્રધાન છે. નરેન્દ્ર દામોદર દાસ મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા ત્યારથી લઈને વડાપ્રધાન બન્યા બાદ આજ સુધી સતત તેઓ બંધારણીય પદે કાર્યરત છે. આ સમયગાળા દરમિયાન તેઓ એક પણ ચૂંટણી હાર્યા નથી. ૮૦ અને ૯૦ના દશકામાં નરેન્દ્ર મોદી ભાજપના સાધારણ નેતા હતા પરંતુ સંઘ સાથેનો તેમનો નાતો ખૂબ જૂનો હતો. ૧૯૮૭માં નરેન્દ્ર મોદીએ પોતે અમદાવાદ નિગમ ચૂંટણીમાં ભાજપના વિજયની સ્ક્રિપ્ટ લખી હતી. તેમણે પોતાની પ્રબંધન ક્ષમતાનો કમાલ દેખાડીને પાર્ટીને જીત અપાવી હતી. તેમના કૌશલ્યએ પાર્ટીનું ધ્યાન ખેંચ્યુ હતું અને અમદાવાદની જીત બાદ ૧૯૮૭માં ભાજપે તેમને ગુજરાતના સંગઠન સચિવ બનાવી દીધા હતા. ૧૯૯૦માં એલકે અડવાણીની રથયાત્રા અને ૧૯૯૧-૯૨માં મુરલી મનોહર જોશીની એકતા યાત્રાને સફળ બનાવવામાં તેમણે મહત્વનો રોલ ભજવ્યો હતો. ૧૯૯૫ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ ફરી એક વખત પોતાની મેનેજમેન્ટ સ્કિલ બતાવી અને પાર્ટીને તે ચૂંટણીમાં જીત મળી તે સાથે જ ભાજપમાં મોદીનું પ્રમોશન થયું અને તેમને રાષ્ટ્રીય સચિવ બનાવીને દિલ્હી મોકલી દેવામાં આવ્યા. ૧૯૯૮માં ગુજરાતના રાજકારણમાં ભારે બદલાવ આવ્યો અને ભાજપના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જતા રહ્યા. રાજ્યમાં વચગાળાની ચૂંટણીમાં કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા અને તેમની સરકાર ચાલી રહી હતી ત્યારે જ જાન્યુઆરી ૨૦૦૧માં ગુજરાતના ભુજ ખાતે ભીષણ ધરતીકંપ આવ્યો. તે હોનારતના સામના દરમિયાન સરકારની છબિને ભારે નુકસાન પહોંચ્યું. ભાજપના નેતૃત્વને ગુજરાતની ચિંતા સતાવી રહી હતી. તે સમયે અટલ બિહારી વાજપેયી દેશના વડાપ્રધાન હતા અને રાજ્યમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની હતી. ભાજપે રાજ્યનું નેતૃત્વ બદલવાનું નક્કી કર્યું એટલે વાજપેયીને મોદી યાદ આવ્યા અને પહેલી ઓક્ટોબરના રોજ મોદી જ્યારે દિલ્હીમાં એક કેમેરામેનના અંતિમ સંસ્કારમાં ઉપસ્થિત હતા તે સમયે તેમને ફોન આવ્યો અને પીએમ અટલ બિહારી વાજપેયીને મળવા કહેવામાં આવ્યું. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેઓ ભુજના ભૂકંપ પ્રભાવોનો સામનો કરી રહ્યા હતા ત્યાં જ ફેબ્રુઆરી ૨૦૦૨માં ગોધરા ટ્રેન કાંડ થયો. ત્યાર બાદ ગુજરાત સાંપ્રદાયિક રમખાણની આગમાં સળગવા લાગ્યું. ગુજરાતના રમખાણોએ દેશના સામાજીક તાણાવાણાને ખૂબ ઉંડુ નુકસાન પહોંચાડ્યું. ત્યાર બાદ તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને 'રાજધર્મ' નિભાવવાની સલાહ આપી હતી. ગુજરાત હિંસાની આકરી ટીકાઓ, ન્યાયિક પ્રક્રિયાઓમાંથી બહાર નીકળીને મોદીએ પોતાના માટે સખત પ્રશાસકની છબિ બનાવી અને રાજ્યની વીજળીની, પીવાના પાણીની સમસ્યા દૂર કરી. સાબરમતી નદીનો કાયાકલ્પ કરાવ્યો. રોકાણકારોને ગુજરાતમાં આકર્ષવા માટે વાઈબ્રેન્ટ ગુજરાત સમિટનું આયોજન કરાવ્યું અને રાજ્યમાં રોકાણ વધારવામાં સફળ રહ્યા. ત્યારથી તેમણે ગુજરાત મોડલનો કોન્સેપ્ટ બનાવ્યો અને નરેન્દ્ર મોદીએ ગુજરાતની છબિને બ્રાન્ડનો ચહેરો બનાવ્યો. જનધન યોજના જેવા નવાચાર શરૂ કર્યા અને દેશની કરોડોની વસ્તીને બેંકિંગ સિસ્ટમ સાથે જોડી સરકારી યોજનાના ફાયદા સીધા તેમના ખાતામાં પહોંચાડ્યા. ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ વડાપ્રધાન મોદીએ નોટબંધીની જાહેરાત કરી તથા જૂની ૫૦૦, ૧૦૦૦ની નોટોને અવૈદ્ય જાહેર કરી. તેના ઉદ્દેશ્ય અને સફળાતને લઈ આજે પણ ચર્ચાઓ થાય છે પરંતુ ભાજપના કહેવા પ્રમાણે આ નિર્ણયથી દેશમાં બ્લેક મનીથી સંચાલિત ઈકોનોમીની કમર તૂટી ગઈ. તેમની અનેક યોજનાઓ સમાજના સૌથી નીચલા વર્ગના લોકોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી સ્વચ્છતા અભિયાન, ઉજવલા યોજના, મફત શૌચાલય યોજનાથી કરોડો ગરીબોને લાભ પહોંચાડ્યો. મુદ્રા યોજના, પીએમ આવાસ યોજના સહિતની અનેક જનકલ્યાણકારી યોજના વોટમાં ફેરવાઈ.



દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ઝાલોદમાં PM કેર્સ ફંડમાંથી નવનિર્મિત ઓક્સિજન પ્લાન્ટનું કર્યું ઈ-લોકાર્પણ






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉત્તરાચલથી દેશભરમાં પીએમ કેર્સ ફંડમાંથી નવનિર્મિત ઓક્સિજન પ્લાન્ટનું ઇ–લોકાર્પણ કર્યું હતું. આ નિમિત્તે ઝાલોદની સબડિસ્ટ્રીકટ હોસ્પીટલ ખાતેનાં નવનિર્મિત ઓક્સિજન પ્લાન્ટનું પણ તેમની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યમંત્રી જીતુભાઇ ચૌધરી આ પ્રસંગે ઉપસ્થિત રહીને આ પ્લાન્ટના લોકાર્પણ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. ઝાલોદ ખાતેના પીએસએ ઓકિસઝન પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે રાજ્યમંત્રી ચૌધરીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દેશનાં ૭૩૬ જિલ્લાઓનાં ૧૧૦૦ જેટલા સ્થળોએ ઓકિસજન પ્લાન્ટનું લોકાર્પણ કરી રહ્યાં છે ત્યારે ગુજરાતમાં પણ ૧૮ સ્થળોએ નવા ઓક્સિજન પ્લાન્ટનું આજે લોકાર્પણ થઇ રહ્યું છે. અત્રેના ઝાલોદ ખાતેના હોસ્પીટલમાં પણ જનઆરોગ્ય સુખાકારીમાં વધારો કરતો નવો પીએસએ ઓકિસજન પ્લાન્ટ નાગરિકોને મળશે.

તેમણે જણાવ્યું કે, ઝાલોદ ખાતેના આ ઓક્સિજન પ્લાન્ટ ૨૫૦ લીટર પ્રતિ મિનિટની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. જે ૨.૯૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. અહીંના ૨૭ જેટલા બેડને તેનાથી ઓક્સિજન સપ્લાય મળશે. આ ઓક્સિજન પ્લાન્ટ સીધો જ વાતાવરણમાંથી ઓકિસજન મેળવીને ઉત્પાદન કરે છે. રાજય સરકાર ત્રીજી લહેરમાં કોઇ પણ જિલ્લામાં કટોકટીભર્યા સંજોગોની સ્થિતિ ન સર્જાય એ માટે જનઆરોગ્ય સુવિધાઓમાં સતત ઉમેરો કરી રહી છે. દાહોદમાં પણ કોરોના સામે આરોગ્ય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું કે, કોરોનાની બીજી લહેર રાજ્ય માટે મોટો પડકાર હતો પરંતુ રાજ્ય સરકારે તેનો મક્કમતાથી મુકાબલો કર્યો હતો. એ સમયે દર્દીઓની સંખ્યામાં સતત ઉછાળા સામે ઓક્સિજનની ક્ષમતા ઓછી પડી રહી હતી. જે માટે બીજા રાજ્યો સહિત વિદેશમાંથી પણ આ ઓક્સિજન સપ્લાય પૂરો કરવા માટેના તમામ પ્રયાસ કરવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારે અત્યારે વેક્સિનેશન અભિયાનમાં દેશભરમાં અગ્રેસર છે. હાલમાં ૪ કરોડથી પણ વધુ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લઇ લીધો છે. બીજી તરફ કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે રાજ્ય વધુને વધુ સજ્જ થઇ રહ્યું છે. આજે લોકાર્પિત કરવામાં આવેલા ૧૮ જેટલા ઓક્સિજન પ્લાન્ટથી કોરોના સામે વધુ એક મક્કમ પગલું ભરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં જનહિત સર્વોપરી એ જ રાજ્ય સરકારનો મંત્ર છે.

તેમણે ઉમેર્યું કે, દાહોદમાં વેક્સિનેશનની કામગીરી ખૂબ સરસ થઇ રહી છે. દાહોદનાં ૯૭ ટકા લોકોએ વેક્સિન લઇ લીધી છે જે ધન્યવાદને પાત્ર છે. તેમ છતાં આપણે કોરોના સામેના માસ્ક, સામાજિક અંતર સહિતની બાબતોનું ચુસ્ત પાલન કરવાનું છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ લોકોને કોરોના સામે રક્ષણ મળે અને આરોગ્ય સુવિધાઓ સરળતાથી લોકો સુધી પહોંચે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે કોરોનામાં ઉમદા કામગીરી કરનારા ફરજપરસ્ત ડોક્ટરો અને નર્સો સહિતનાં આરોગ્યકર્મીઓનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. સો ટકા વેક્સિનેશન પુરૂ કરનારા સરપંચોનું પણ મંચ ઉપર બહુમાન કરાયું હતું.

આ વેળાએ કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઇ ભાભોર અને ઉપપ્રમુખ અનિતાબેન, અગ્રણી શંકરભાઇ અમલીયાર, પ્રાંત અધિકારી, ઝાલોદ, જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ સહિતનાં અધિકારીઓ, કર્મચારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

## ઉંઘતા ઝડપાયા : દાહોદમાં ઓક્સિજન પ્લાન્ટના લોકાર્પણ વેળાએ કોગી ધારાસભ્ય મંચ પર જ ઉંઘી ગયા



દાહોદ,

ભારતમાં નરેન્દ્રભાઇ મોદીએ આજે એમસ ઋષિકેષમાં ઑક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ હતું. તે દરમિયાન દાહોદના રેલવે હોસ્પિટલમાં પણ ઓક્ટોબર પ્લાન્ટનું લોકાર્પણ કરાયુ હતું. જેમા દાહોદના ભાજપ સાસંદ જસવતસિહ ભાભોર અને કોગી ધારાસભ્ય વજેસિહ પણદા સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.એક તરફ કાર્યક્રમ ચાલી રહ્યો હતો. ત્યારે દાહોદના ધારાસભ્ય વજુભાઈ મંચ ઉપર જ ઉંધી ગયા હતા. બિનદાસત નિંદ્રાધીન થઈ જતા ઉપસ્થિતોમાં ચર્ચા સાથે ભારે રમુજ ફેલાઈ હતી. હવે ચુંટણી નજીક છે. ત્યારે આવા જવાબદાર નેતા કેટલા જાગૃત છે. એવો ગણગણાટ પણ થઈ રહ્યો હતો. આમ પણ દાહોદ શહેર વિસ્તારમાં પણ તેઓ ઓછા દેખાય છે. ત્યારે આવનાર સમયમા આવી ઘટનાઓના પ્રત્યાઘાત પડશે તે હાલ કહેવુ અશક્ય છે.

## દાહોદ રેલ્વે હોસ્પિટલમાં ફિઝીયોથેરાપીસ્ટ જગ્યાનું ઈન્ટરવ્યું સ્થગીત કરતાં હોબાળો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાં આવેલ રેલ્વે હોસ્પિટલમાં ફિઝીયોથેરાપિસ્ટની જગ્યા માટે વોક ઈન ઈન્ટરવ્યું સ્થીગત કરી દેવામાં આવતાં તબીબોએ આજરોજ દાહોદની રેલ્વે હોસ્પિટલ ખાતે ભારે હોબાળો મચાવ્યો હતો. ઈન્ટરવ્યું આપવા આવેલ તબીબોના જણાવ્યાં અનુસાર, રાજકીય ઈશારે આ ઈન્ટરવ્યું સ્થીગત કરી તેમના મળતીયાઓને બારોબાર ભરતી કરી દીધી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યાં હતાં.

આજરોજ દાહોદ શહેરમાં આવેલ રેલ્વે હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં તબીબોનો ઘસારો જોવા મળ્યો હતો અને તબીબોએ એકાએક હોબાળો મચાવતાં હોસ્પિટલ સંકુલમાં સ્તબ્ધતાનો માહોલ છવાઈ ગયો હતો. જાણવા મળ્યાં અનુસાર, દાહોદની રેલ્વે હોસ્પિટલમાં ફીઝીયોથેરાપીસ્ટની પોસ્ટ માટે વોક ઈન ઈન્ટરવ્યું રાખવામાં આવ્યું હતું. કોઈક કારણોસર આ ઈન્ટરવ્યું સ્થગીત કરી દેવામાં આવ્યું છે અને જાણવા મળ્યાં અનુસાર, દાહોદની રેલ્વે હોસ્પિટલની બહાર હોસ્પિટલના સત્તાધિશો દ્વારા ઈન્ટરવ્યું સ્થગીત કરવા નોટીસ લગાવી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે બીજી તરફ અંદરો અંદર આક્રોશમાં આવેલ ઈન્ટરવ્યું આપવા આવેલ તબીબો દ્વારા અનેક આક્ષેપો પણ કરવામાં આવી રહ્યાં છે તેઓના જણાવ્યાં અનુસાર, રાજકીય ઈશારે ફીઝીયોથેરાપીસ્ટની જગ્યામાં સગા વ્હાલાઓ અને તેમના મળતીયાઓની અગાઉથીજ ભરતી કરી દેવામાં આવી છે. આ હોબાળાને પગલે આરપીએફ પોલીસ બોલાવવાની પણ ફરજ પડી હતી. સમગ્ર મામલે સંબંધિતો દ્વારા તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવે તો અનેક સઘળી હકીકતો બહાર આવે તેમ છે. આક્ષેપોમાં તથ્ય કેટલું જે જાણવું પણ જરૂરી બની રહ્યું છે.

## દાહોદના ખરોડ ગામે ફોર વ્હીકલે બાઈકને અડફેટ લેતાં બાઈક સવારનું મોત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામે દાહોદ હાઈવે પર પૂરઝડપે આવતી ફોરવિલ ગાડીએ મોટર સાયકલ તેમજ મોપેડ ગાડીને અડફેટે લેતા બાઈક પર સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.જ્યારે મોપેડ ચાલક વ્યકિત ઈજાગ્રસ્ત થતાં તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડાયા હોવાનું પ્રાથમિક તબક્કે જાણકારી મળી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના રેંટિયા ગામના રહેવાસી અને દાહોદ હાઈવે પર દિલ્હી દરબાર ના માં હોટલ ચલાવતા સ્વપિનલ ભાભોર તેમજ તેમના ત્યાં કામ કરતો મજુર રાજુભાઈ ગીતાભાઈ કિશોરી રહે. છાપરી જોડે સાંજના સુમારે હોટલ બંધ કરી પરત ઘરે આવતી વેળાએ પાછળથી પૂરપાટ આવતી જીજે–૨૦–એ.એચ–૯૭૯૩ નંબરની હ્યુન્ડાઈ ક્રેટા કારના ચાલકે જીજે–૨૦–એએમ–૯૫૯૫ નંબરની મોપેડ તેમજ હીરો કંપનીની બાઈક પર જોડે જઈ રહેલા રાજુભાઈ કિશોરીને પાછળથી જોશભેર ટકકર મારતા બંને લોકો હવામાં ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેના પગલે બંનેને શરીરે જીવલેણ ઈજાઓ પહોંચતા રાજુભાઈ કિશોરી નામક યુવકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતુ જ્યારે સ્વપિનલ ભાઈ ભાભોરને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓ હાલ જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. સમગ્ર બનાવના પગલે દાહોદ રૂરલ પોલીસે ફોરવ્હીલર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## સામાન્ય પ્રજા પર મોંઘવારીનો માર : પેટ્રોલ-ડીઝલની સાથે એલપીજી પણ મોંઘા



નવી દિલ્હી,

ભારતીય ઓઇલ કંપનીઓએ ડીઝલમાં ૨૪ સપ્ટેમ્બરથી અને પેટ્રોલમાં ૨૮ સપ્ટેમ્બરથી ભાવવધારો કરવાનું શરૂ કર્યુ છે. ત્યારથી લઈને અત્યાર સુધીમાં ડીઝલના ભાવમાં ૨.૮૦ રૂપિયા અને પેટ્રોલના ભાવમાં ૧.૭૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ અગાઉ ચોથી મેથી ૧૭જુલાઈ દરમિયાન પેટ્રોલના ભાવમાં ૧૧.૪૪ રૂપિયા અને ડીઝલના ભાવમાં ૯.૧૪ રૂપિયાનો વધારો થયો હતો.રાંધણ ગેસ એલપીજીના ભાવમાં ૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લા કેટલાક સપ્તાહ પૈકીનો સૌથી મોટો વધારો કરવામાં આવ્યો છે. આજે એક લિટર પેટ્રોલના ભાવમાં ૩૦ પૈસા અને એક લિટર ડીઝલના ભાવમાં ૩૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ નવી ઉંચાઈએ પહોંચી ગયા છે. સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીએ જારી કરેલા પ્રાઇસ નોટિફિકેશન અનુસાર દિલ્હી અને મુંબઈમાં એલપીજી સિલિન્ડરનો ભાવ વધીને ૮૯૯.૫૦ રૂપિયા થયો છે. જ્યારે કોલકાતામાં એલપીજી સિલિન્ડરનો ભાવ વધીને ૯૨૬ રૂપિયા થઈ ગયો છે. કેન્દ્ર સરકારે દેશના મોટા ભાગના શહેરોમાં એલપીજી સિલિન્ડર પર મળતી સબસિડી બંધ કરી દીધી છે. પાંચ કિલો એલપીજી સિલિન્ડરનો ભાવ વધીને ૫૦૨ રૂપિયા થઇ ગયો છે. જુલાઈથી અત્યાર સુધીમાં ચોથી વખત એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. એલપીજી સિલિન્ડરના ભાવમાં જુલાઈમાં ૨૫.૫૦ રૂપિયા, ૧૭ ઓગસ્ટે ૨૫ રૂપિયા અને એક સપ્ટેમ્બરે ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. બીજી તરફ આજે એક લિટર પેટ્રોલના ભાવમાં ૩૦ પૈસા અને એક લિટર ડીઝલના ભાવમાં ૩૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. આ ભાવવધારો છેલ્લા કેટલાક સપ્તાહ પૈકીનો સૌથી વધારે છે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના પ્રાઇસ નોટિફિકેશન અનુસાર દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૧૦૨.૯૪ રૂપિયા અને અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૯૧.૪૨ રૂપિયા થઈ ગયો છે. મુંબઈમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૧૦૮.૯૬ રૂપિયા અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૯૯.૧૭ રૂપિયા થઈ ગયો છે. વિવિધ રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલ પરનો વેટનો દર અલગ અલગ હોવાથી વિવિધ રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ભિન્ન ભિન્ન જોવા મળે છે. ઓપકે દેશોએ ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ન વધારતા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલનો ભાવ વધીને ૮૨.૯૨ ડોલરને પાર થઈ ગયો છે. બીજી તરફ બે સપ્તાહમાં ડીઝલના ભાવમાં ૧૦મી વખત ભાવવધારો કરવામાં આવતા મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, આંધ્ર પ્રદેશ અને તેલંગણાના કેટલાક શહેરોમાં ડીઝલનો ભાવ પણ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયો છે. વિશ્વમાં ઓઈલની અછત સર્જાઈ હોવા છતાં ઓપેક દેશોએ ક્રૂડના ઉત્પાદન અંગે પોતાની અગાઉની નિર્ધારિત નીતિમાં કોઈ ફેરફાર ન કરતાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ વધીને સાત વર્ષની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે. એક મહિના પહેલા આ જ ક્રૂડનો ભાવ ૭૨ ડોલરની નીચે હતો. ઉલ્લેખનીય છે કે ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૮ જુલાઈથી ૨૩ સપ્ટેમ્બર સુધીમાં કોઈ ભાવવધારો કર્યો ન હતો.

## આર્થિક રીતે નબળા વર્ગોને અપાતા આવાસની તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ

અમદાવાદ,

મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે હાઉસિંગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટીની બેઠક મળી હતી. સામાન્ય સંજોગોમાં આ કમિટીમાં જાણ લેવા પુરતી જ દરખાસ્તો રજૂ કરવામાં આવતી હોય છે. દરમ્યાન આજની બેઠકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલા આર્થિક રીતે નબળી સ્થિતિ ધરાવતા લોકો માટેના આવાસોની સ્થિતિના મુદ્દે ચર્ચા થઈ હતી. આ ચર્ચા દરમ્યાન એવી વિગતો બહાર આવી હતી કે, મ્યુનિ.તરફથી આવાસોની ફાળવણી મુળ લાભાર્થીઓને કરવામાં આવ્યાં બાદ આવાસો અન્ય લોકોને વપરાશ માટે આપી દેવામાં આવતા હોય છે. હાલ માત્ર દક્ષિણ, ઉત્તર અને પૂર્વ એમ ત્રણ ઝોનમાં તપાસ કરાતા સોથી વધુ આ પ્રકારના કીસ્સા સામે આવ્યા છે.આ પ્રકારની તપાસ શહેરના બાકીના ચાર ઝોનમાં પણ આગામી સમયમાં તંત્ર દ્વારા કરાશે જેમાં હજુ મોટો ઘટસ્ફોટ થવાની પ્રબળ સંભાવના છેઅમદાવાદ શહેરના અલગ- અલગ વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસો બનાવવામાં આવ્યા છે. આ આવાસોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તપાસ કરાતા સોથી વધુ કીસ્સામાં જેમને આવાસની ફાળવણી કરવામાં આવી હોય એમના બદલે બીજી જ વ્યકિત વસવાટ કરતી હોવા અંગેનો ઘટસ્ફોટ થવા પામ્યો છે.મ્યુનિ.તંત્ર હજુ આ બાબતમાં વધુ તપાસ હાથ ધરશે એમ જાણવા મળ્યું છે.

## ગુર્જર ભારતી બી.એડ. કોલેજ નગરાળા ખાતે નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

નશાબંધી અને આબકારી જિલ્લા અધિક્ષકની કચેરી દાહોદ તથા ગુર્જર ભારતી બી.એડ. કોલેજ નગરાળા તા. દાહોદના સંયુકત ઉપક્રમે નશાબંધી સપ્તાહની ઉજવણી ઉપક્રમે તા. ૬ ઓકટોબર ૨૦૨૧ નારોજ "વ્યસન મુકિત અંગે વકૃત્વ સ્પર્ધા" યોજવામાં આવી હતી. લોકકલ્યાણના અભિયાનમાં કાર્યક્રમના અધ્યક્ષ સુનિલકુમાર (આઈ.એ.એસ.) નિયામક, નશાબંધી અને આબકારી ગુજરાત રાજ્ય ગાંધીનગર તેમજ મુખ્યમહેમાન ગુર્જર ભારતી દાહોદના મેનેજિંગ ટ્રસ્ટી ગોપાલભાઈ ધાનકા, અતિથિ વિશેષ ટ્રસ્ટી અમરસિંહભાઈ ગોહિલ, નશાબંધી અને આબકારી દાહોદના સબઈન્સ્પેકટર ડી.પી. બામણીયા, અધિક્ષક એન.સી. સાદરાણી એ હાજરી આપી હતી. પ્રાસંગિક પ્રવચન મુખ્યમહેમાન તેમજ અધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યું. કોલેજના તાલિમાર્થીઓએ યુવાન અને વ્યસન, વ્યસન કિતના લાભ, નશો નાશનું મૂળ છે, નશાબંધીઅને માનવજીવન જેવા જુદાજુદા વિષયો પર સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે પ્રજાપતિ નિષ્ઠા દેવકુમાર, દ્વિતીયક્રમે પટેલ પ્રિયંકા પ્રતાપસિંહ, તૃતિયક્રમે પરમાર દિલીપ ભગાભાઈ વિજેતા બન્યા હતા. કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત કોલેજના પ્રિન્સીપાલ ડાૅ. જિતેન્દ્ર પંચાલે કર્યુ હતું. આયોજનમાં એન.એન.એસ. પ્રોગ્રામ ઓફીસર જયશ્રીબેન મેડા તેમજ અધ્યાપકમિત્રોએ નશાબંધી સપ્તાહ પ્રચાર પ્રસાર માં ભાગ લીધો હતો. નગરાળા સંકુલમાં નશાબંધીના સ્લોગન તેમજ પ્રદર્શન ચાર્ટ લગાવી નશાબંધી સપ્તાહની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી.

## કોરોનાની તકેદારીનો સંદેશો આપતી સાયકલ રેલીમાં નેતાઓ જમાસ્ક વિના જોડતા વિવાદ

વડોદરા,

વિશાળ સાયકલ રેલી યોજીને આઝાદી અમૃત પર્વમાં વડોદરાવાસીઓને જોડવા માટે શહેર પોલીસને અભિનંદન આપ્યાં હતાં. ગુજરાત પોલીસ આવા વિવિધ કાર્યક્રમો યોજીને આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીમાં રાજયની લોક શક્તિને જોડશે. કોવિડ અટકાવતી તમામ તકેદારીઓ પાળીને, સુરક્ષિત નવરાત્રી ઉજવીએ, આ રોગ સામેનો જંગ સહુ સાથે મળીને જીતીએ એવી અપીલ કરી હતી. ગુજરાત પોલીસ તમામ પ્રકારે લોકસુરક્ષા જાળવવા માટે સંકલ્પ બધ્ધ છે.

## દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં વિના મૂલ્યે અનાજનો જથ્થો પહોંચી ગયા બાદ પણ વિતરણમાં વિલંબ શામાટે...?

દે.બારીયા,

દે. બારીયા તાલુકાની દીનદયાલ પંડીત સસ્તા અનાજની દુકાનો પર પહેલી થી પાંચમી સુધી વિના મૂલ્યે અનાજજનો જથ્થો કોન્ટ્રાકટરના દ્વારા પહોંચી જાય છે. તેમ છતાં આજે ૮મી તારીખ થવા આવી હોવા છતાં પણ ગરીબો, મદયમ વર્ગ તેમજ મજુર વર્ગને ખાવાના ફાંફા છે અને તેમને અનાજનો જથ્થો વિતરણ કરવા માટે વિલંબ કયા ટેકનીકલ કારણોના કારણે થાય છે. તે તપાસનો વિષય છે.

મળતી માહિતી મુજબ પહેલા સંચાલકો તા.૫ માં અનાજનું વિતરણ શરૂ કરી દેવામાં આવતું હતું. હાલમાં વિલંબ દુકાનદારો કરે છે કે પછી ઉપરના હુકમ થી પાલન કરવાનો પરિપત્ર છે. જેથી વહેલી તકે લાભાર્થીઓને અનાજનું વિતરણનો હુકમ આપવામાં આવે તેવી માંગ કાર્ડધારકો કરી રહ્યા છે. રાજ્યના તથા જીલ્લાના પદના અધિકારીઓ પહેલા જે પ્રમાણે દુકાનદારોને વિતરણની છૂટ હતી. તે મુજબની છૂટ આપીને મહિનાની પાંચ મી તારીખમાં ગરીબ લાભાર્થીઓ વિતરણનાઅ આદેશ જારી કરે તેવી માંગણી ઉઠવા પામી છે કે પછી ગરીબોના અનાજને સગેવગે કરવાનો ટાઈમ ખુદ પ્રશાસન આપતી હોય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. કેમ કે, ટાઈમ થી પુરવઠા શાખાને ટાઈમ પ્રમાણે પોતાનો ભાગ બટાઉ મળી રહે તેવી સવલતો આપવામાં આવે છે.

## મોડેલ ડે સ્કુલ વજેલાવ ખાતે સમાજ શિક્ષણ શિબિર યોજાઈ

દાહોદ,

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ તરફથી આદિજાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે અમલી કલ્યાણકારી યોજનાઓના પ્રચાર પ્રસાર માટે મોડેલ ડે સ્કુલ વજેલાવ ખાતે આજરોજ સમાજ શિક્ષણ શિબિર સરપંચ અપીભાઈ ડામોરના અદયક્ષ સ્થાને તથા મુખ્ય મહેમાન પદે પૂર્વ સભ્ય સોમાભાઈ ચોહાણ તથા સીઆરસી કો. લક્ષ્મણભાઈ પરમાર અને સેન્ટરના આચાર્ય ધવલભાઈ પરમારની ઉપસ્થિતિમાં યોજાયેલ હતી.

સ્વાગત પ્રવચન શાળાના શિક્ષક વિશાલ નંદાનિયા એ કર્યું. કાર્યક્રમની સમજ ભુતવડ શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડા એ આપી હતી. મ.સ.ક. અધિકારી ગરબાડા એસ.જી.પટેલે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની યોજનાઓની વિગતે સમજ આપી હતી. તેમણે એક્રોસીટી એકટ અને યોજનાઓની પેમ્પલેટ આપ્યા હતા. પૂર્વ સભ્ય સોમાભાઈ ચૌહાણએ વ્યસન થી દૂર રહેવું જોઈએ તેવી સમજ આપી હતી. અને સેન્ટરના આચાર્ય ધવલભાઈ પ્રજાપતિ એ આદિજાતિ વિકાસ વિભાગની યોજના વિશેની માહિતી આપી હતી. તેમણે બાળકો, વાલીઓને વ્યસન ના કરવા જણાવાયું હતું. આભાર વિધિ SMDCના સભ્ય સોમાભાઈ ડામોરે કરી હતી. સૌ ઉપસ્થિતને ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામ લોકો, વાલીઓ, શાળાનો સ્ટાફ, વિદ્યાર્થીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.40

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પાવાગઢ યાત્રાધામ ખાતે

# માતાજીના દર્શનાર્થે ૧ લાખ જેટલા દર્શનાર્થી પહેલા નોરતે ઉમટી પડયા


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

ગોધરા,

આષો નવરાત્રીનો પ્રારંભ થઇ ચુક્યો છે. ત્યારે શક્તિ ઉપાસના ના પર્વ એવા નવરાત્રીમાં શક્તિપીઠના દર્શનનું વિશેષ મહત્વ રહેલું છે. ભારતભરમાં વિવિધ સ્થળોએ આવેલ ૫૧ શક્તિ પીઠ માંથી એક શક્તિપીઠ પંચમહાલ જિલ્લાનું પાવાગઢ પણ છે. મહાકાળી માતાજીના આ યાત્રાધામમાં આષો નવરાત્રીમાં લાખોની સંખ્યામાં ગુજરાત તેમજ પાડોશી રાજ્યોના માઈભક્તો દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે કોરોના કાળમાં સતત ત્રણ નવરાત્રી પાવાગઢ ખાતે દર્શન બંધ રખાયા બાદ પ્રથમ વખત ભક્તોને માં મહાકાળીના પ્રત્યક્ષ દર્શનનો લ્હાવો મળતા ૧ લાખ ઉપરાંત ભકતોનું ઘોડાપુર આસો નવરાત્રીના પ્રથમ દિવસે પાવાગઢ ખાતે ઉમટી પડ્યું હતું.

પંચમહાલના હાલોલ નજીક આવેલ યાત્રાધામ પાવાગઢ ૫૧ શક્તિપીઠ પૈકીની એક શક્તિપીઠ કહેવાય છે. માન્યતા છે કે, રાજા પ્રજાપતિ દક્ષ દ્વારા યોજાયેલ યજ્ઞમાં પુત્રી પાર્વતીના પતિ એટલે કે મહાદેવજીને આમંત્રણ આપવામાં ન આવતા આ આપમાન સહન ન થતા માં પાર્વતીજી યજ્ઞ કુંડમાં કૂદીને પોતાની આહુતિ આપી દીધી હતી. જેની જાણ થયા બાદ ભગવાન મહાદેવને ક્રોધિત થઈ તાંડવ કરવા લાગ્યા અને નૃત્યમાં જ પાર્વતીજીના અર્ધભસ્મ થયેલ દેહનું વિચ્છેદન કરતા માં શક્તિના દેહના અંગો ચારેય દિશામાં વિખેરાયા હતા. માતાજીના આ અંગો જમીન પર જુદી જુદી ૫૧ જગ્યા પડ્યા અને એ તમામ ૫૧ જગ્યાઓ હાલ શક્તિપીઠ તરીકે પ્રવર્તમાન છે. ત્યારે યાત્રાધામ પાવાગઢ ખાતે માતાજીના ડાબા પગના અંગુઠો અને આંગળીઓ પડતા અહીં આ જગ્યા પાવાગઢ તરીકે ઓળખાઈ જે પાવાગઢ ડુંગર પર માં મહાકાળીનું નિજ મંદિર આવેલું છે. બીજી એક માન્યતા અનુસાર ઋષિ વિશ્વામિત્ર એ પણ પાવાગઢ ડુંગરની તળેટીમાં કઠોર તપ કરી મહાકાળી માતાજીને પ્રસન્ન કર્યા હતા. વિશ્વામિત્રી નદીનું ઉદ્ગમ સ્થાન પણ પાવાગઢ જ છે. વધુમાં હિન્દુ ધર્મની સાથે સાથે અહીં જૈન અને મુસ્લિમ ધાર્મિક સ્થળો અને સ્થાપત્યો તથા ૧૦૦ ઉપરાંત હેરિટેજ મોન્યુમેન્ટ્સ સાઈટ્સ પણ આવેલા હોઈ તમામ ધર્મના લોકો તેમજ પર્યટકો અને પ્રકૃતિપ્રેમીઓ પાવાગઢની મુલાકાતે આવતા હોય છે. આસોની નવરાત્રી દરમિયાન ૯ દિવસમાં અંદાજે ૪૦ થી ૫૦ લાખ ભક્તો દર્શનાર્થે આવે છે.

આજરોજ આસો સુદ નવરાત્રીના પ્રથમ દિવસે પાવાગઢ ખાતે ૧ લાખ થી વધુ ભક્તો એ માં મહાકાળીના દર્શનનો લાભ લીધો હતો. હાલ નવરાત્રીને લઈ જિલ્લા કલેકટર દ્વારા બહાર પડાયેલ જાહેરનામા અન્વયે ખાગની વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોય એસ.ટી. બસ મારફતે તળેટી થી માંચી સુધી દર્શનાર્થીઓને લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉડન ખટોલામાં બેસવા માટે પણ ભક્તોની અભૂતપૂર્વ કતારો જોવા મળી હતી.

આસો નવરાત્રીમાં ગુજરાત સહીત પાડોશી રાજ્યો જેવા કે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર માંથી પણ ખુબ જ મોટી સંખ્યામાં પાવાગઢમાં ભક્તોનું ઘોડાપુર ઉમટે છે. ક્યાંક પગપાળા સંઘો ગરબા અને માતાજીની સ્તુતિમાં મગ્ન બની સંગીત અને ડીજે ના તાલે માતાના દરબારમાં આવતા હોય છે. તો ક્યાંક માતાજીની ભકિતમાં લીન એવા મહાકાળીના આરાધક એવા ખાસ ભક્તો માતાજીના વેશ ધારણ કરીને આવતા જોવા મળે છે. પરપ્રાંતીય શ્રદ્ધાળુઓ ખુબ જ આસ્થા લઈ પાવાગઢ ખાતે આવતા હોય છે. દર વર્ષે નવરાત્રી દરમિયાન લાખો ભક્તો અહીં ઉંચા ડુંગર પર બિરાજમાન માતા મહાકાળીના દર્શને આવે છે અને ધન્યતા અનુભવે છે અનેક અટકેલ કામ અહીં માતાજીની માનતા રાખવા માત્ર થી પુરા થવાની પણ માન્યતા છે. આ વખતે ઘણા સમય બાદ પ્રત્યક્ષ દર્શન થતા ભક્તો એ ધન્યતા અનુભવી હતી.

આ વખતે આસો નવરાત્રીને લઈ મંદિર પ્રશાસન દ્વારા પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. દુર દુર થી દર્શનાર્થે આવતા ભક્તો ને કોઈ મુશ્કેલી ન પડે તે માટે મંદિર ટ્રસ્ટ દ્વારા પૂરતી કાળજી રાખવામાં આવી છે. મંદિર ટ્રસ્ટ સાથે જ પાવાગઢ ગ્રામ પંચાયત,એસ.ટી. વિભાગ, પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રની ટીમો પણ ખડે પગે તૈનાત રહી તમામ વ્યવસ્થા સુપેરે પાર પાડી હતી.


**સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આજે આસો નવરાત્રીના પહેલા નોરતે માતાજીના મુખ્ય પરિષદમાં માતાજીના મંદિરનો શાંખાશાન (દ્વારશાક) બારશાખ તેમજ સ્થમ્ભ ની શાસ્ત્રોક્ત વિધિ વૈદિક મંત્રોચ્ચાર સાથે પાવાગઢ ટેમ્પલ ટ્રસ્ટના પ્રમુખના હસ્તે પૂજા કરવામાં આવી. પંચમહાલ જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે વિકાસના કામો ચાલી રહ્યા છે. જેમાં મંદિરના મુખ્ય પરિષદને પણ મોટું કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આજે આસો નવરાત્રીના પહેલા નોરતે માતાજીનો મુખ્ય મંદિરના દ્વારા શાખ તેમજ સ્થંભની પૂજા શાસ્ત્રોક્ત વિધી વર્તન રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી મહાકાળી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સહીત માતાજીના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.**

## વડોદરા રેપ કેસના આરોપી રાજુ ભટ્ટને પાવાગઢ મંદિર ટ્રસ્ટ માંથી દુર કરવાનો ઠરાવ કરાયો

વડોદરાના હાઈપ્રોફાઈલ રેપ કેસના આરોપી રાજુ ભટ્ટ ને પાવાગઢ કાલિકા મંદિર ટ્રસ્ટમાંથી આજે પાવાગઢ ખાતે મળેલી ટ્રસ્ટની બેઠકમાં ઠરાવ કરી દૂર કરવામાં આવ્યા ઠરાવની નકલ ચેરિટી કમિશનરને મોકલી આપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું મંદિર ટ્રસ્ટના પ્રમુખ એ જણાવ્યું હતું.

વડોદરાની લો કોલેજમાં અભ્યાસ કરતી મૂળ હરિયાણાની ૨૪ વર્ષીય યુવતી સાથે દુષ્કર્મ આચાર્ય હોવાની ફરિયાદનો આરોપી હેમંત અર્ફે રાજુ ત્રંબકલાલ ભટ્ટ રહે. મીલન સોસાયટી નિઝામપુરાના ઓ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અને સેક્રેટરીનો હોદ્દો ધરાવતા હતા. આ રાજુ ભટ્ટ સામે રેપ કેસની ફરિયાદ નોંધાતા તેને તાત્કાલિક ધોરણે હાલોલ રેસ્ટહાઉસ ખાતે મળેલી શ્રી કાલિકા મંદિર ટ્રસ્ટની બેઠક્માં રાજુ ભટ્ટને સેક્રેટરી પદથી દૂર કરવામાં આવ્યો હતો. પરંતુ ટ્રસ્ટી તરીકે યથાવત રાખવામાં આવ્યો હતો. જોકે રાજુ ભટ્ટનું નામ આ અગાઉ મંદિર માં માતાજી ઉપર ચડાવા તરીકે આવેલી ચાંદીને ઓગાળવામાં ગોબાચારી કરી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જે અંગેની તપાસ પણ હાલના ચાલી રહી છે. ત્યાર બાદ રેપ કેસની ફરિયાદ થતા તેને ફક્ત સેક્રેટરી પદ થી દુર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેની પોલીસે ધરપકડ કરતા તેને કબલ્યુ હતું કે, મેં તેની સાથે સમતી થઈ સંબંધ બાંધ્યો હતો. જેને લઈ દેશભરના લાખો કરોડો માંઈ ભક્તોની લાગણી દુભાઈ હતી. જેથી રાજુ ભટ્ટ ને ટ્રસ્ટી મંડળ માંથી દૂર કરવાની રજુઆતો અને ભારે વિરોધ કરતા અંતે મંદિર ટ્રસ્ટ રાજુ ભટ્ટ ટ્રસ્ટી માંથી પણ દૂર કરો નિર્ણય લેવાયો હતો. પરંતુ આજે વિધિવત રીતે ટ્રસ્ટની મળેલી બેઠકમાં તેમના પ્રશ્નો દૂર કરવાનો ઠરાવ કરી કરાવીને જ્યારે કમિશનર મે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા સિવિલ હોસ્પીટલ ખાતે PSA પ્લાન્ટનાં લોકાર્પણમાં વિધાનસભા ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિર સહભાગી થયા


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજે દેશના વિવિધ રાજ્યોમાં પી.એમ.કેર અંતર્ગત વિવિધ સ્થળોએ પી.એસ.એ. પ્લાન્ટનું ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે હેઠળ પંચમહાલ જિલ્લામાં પણ ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે એક પી.એસ.એ. પ્લાન્ટનું ઈ–લોકાર્પણ યોજાયું હતું. આ પ્રસંગે ગોધરાના સરદારનગર ખંડ ખાતે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિરના અદયક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. પ્રાસંગિક પ્રવચન કરતા ઉપાધ્યક્ષ જેઠાભાઈએ જણાવ્યું હતું કે આપણાં લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો તેને આજે ૨૦ વર્ષ પૂર્ણ થયા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અસરકારક નેતૃત્વ અને માર્ગદર્શન તેમજ ડાક્ટરો અને કોરોના વોરીયર્સની અથાક મહેનતથી લાખો લોકોની જિંદગી બચાવીને કોરોના કટોકટીમાંથી આપણે બહાર આવ્યા છીએ. સંક્રમણની બીજી લહેરમાં ઉભી થયેલ ઓક્સિજનની માંગને દ્યાનમાં રાખીને આગોતરા આયોજનના ભાગરૂપે દેશભરમાં પી.એસ.એ. પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે તેમ જણાવી વિધાનસભા ઉપાધ્યક્ષએ પંચમહાલ જિલ્લામાં પણ ૧૧ પી.એસ.એ. પ્લાન્ટ સ્થાપવાનું આયોજન છે. જે પૈકી ૮ પ્લાન્ટ સ્થપાઈ ચૂક્યા છે. સિવિલ હોસ્પિટલ, ગોધરા ખાતે ૮૦ લાખના ખર્ચે સ્થપાયેલા અને આજે લોકાર્પણ કરાયેલ ૧૦૦૦ લિટર પ્રતિ મિનીટની ક્ષમતાના પી.એસ.એ. પ્લાન્ટ થકી ૧૦૦ જેટલા બેડના દર્દીઓને ઓક્સિજન પૂરો પાડી શકાશે તેમ ઉમેર્યું હતું. મેડિકલ ઓક્સિજનની આ સુવિધાઓ કોરોના સિવાય અન્ય તબીબી સારવારમાં પણ અતિ ઉપયોગી બની રહેશે. કોરોનાના કપરા કાળમાં પરિવારની સલામતીની ચિંતા હોવા છતાં પોતાના જીવના જોખમે લોકોની સેવા કરનારા તબીબો અને કોરોના વોરિયર્સનો આભાર માનતા તેમણે જણાવ્યું હતું કે, દેશના ૧૩૫ કરોડ પૈકી ૧૦૦ કરોડ જેટલા લોકોને રસી અપાઈ ચૂકી છે પરંતુ હજી પણ કોરોના અંગે આપણે બેદરકાર ન રહેતા સરકાર દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરવા તેમણે અપીલ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકીએ પોતાના પ્રવચનમાં કોરોના મહામારી દરમિયાન સરકાર દ્વારા કરાયેલ સારવાર અને રાહતને લગતી વ્યવસ્થાઓ વિશે વાત કરતા અધિકારીઓ–કર્મચારીઓ, તબીબો–નર્સો–પેરામેડિકલ સ્ટાફની કામગીરીની પ્રશંસા કરતા આભાર વ્યક્ત કર્યો હતો. ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીએ કોરાનાની કોઈ દવા શોધાઈ નથી ત્યારે સુરક્ષા માટે માસ્ક સહિતના સલામતીના પગલા અને રસીકરણ જ એકમાત્ર ઉપાય છે, તેમ જણાવતા જિલ્લામાં રસીકરણની કામગીરી પ્રશંસનીય ગતિથી આગળ વધી રહી છે તેમ ઉમેર્યું હતું.

આ પ્રસંગે ૧૩ જેટલા તબીબો–આરોગ્ય કર્મચારીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સિવિલ સર્જન ડો. મોના પંડ્યા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત અને સીડીએચઓ ડો. મીનાક્ષી ચૌહાણ દ્વારા આભારવિધી પ્રસ્તુત કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહિતના વરિષ્ઠ પદાધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ, ડાયરેક્ટર એઈડ્સ કન્ટ્રોલ ડો. રાજેશ ગોપાલ, સીડીએચઓ ડો. મિનાક્ષી ચૌહાણ, સીડીએમઓ ડો. મોના

## શહેરા સરકારી ગોડાઉનના

# અનાજ કૌભાંડમાં આરીફ શેખ નામ ખુલતા ધરપકડ : પાંચ દિવસના રીમાન્ડ

ગોધરા,

પંચમહાલ જીલ્લા શહેરા તાલુકા સરકારી અનાજ ગોડાઉનમાં અનાજ કૌભાંડમાં ભાગેડુ આરોપી ઈન્ચાર્જ ગોડાઉન મેનેજરની પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરીને પાંચ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. આજરોજ રીમાન્ડ દરમિયાન વધુ એક શહેરાના ટ્રાન્સપોટર આરીફ શેખનું નામ ખુલતા પોલીસે આરોપીની ધરપકડ કરવામાં આવી.

શહેરા તાલુકાના સરકારી અનાજ ગોડાઉનમાં શહેરા તાલુકાના તત્કાલીન મામલતદાર દ્વારા તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘઉં અને ચોખાના કટ્ટા કિંમત ૩.૫ કરોડ રૂપીયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોય અને ૩.૫ કરોડ રૂપીયા વસુલવા પાત્ર થતા હોય આ બાબતે શહેરા પોલીસ મથકે શહેરા અનાજ ગોડાઉનના ઈન્ચાર્જ મેનેજર કનૈયાલાલ નાગજીભાઈ રોત સહિત અન્ય બે વ્યકિતઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી હતી. પોલીસ ફરિયાદ નોંધાતા ગોડાઉન મેનેજર ભાગેડુ નાસતા ફરતા આરોપી હોય પોલીસને નાસતા ફરતા આરોપી કનૈયાલાલ રોત મેધરજ ગામે પોતાના ઘરે હાજર છે. તેવી બાતમીના આધારે પોલીસે ઝડપી પાડયો હતો અને કોર્ટમાં રજુ કરીને ઈન્ચાર્જ ગોડાઉન મેનેજરના પાંચ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. ગોડાઉન મેનેજર કનૈયાલાલ રોત પુછપરછ નાયબ પોલીસ અધિક્ષક સી.સી.ખટાણાના નિર્દેશન હેઠળ કરવામાં આવી હતી. પુછતાછ દરમિયાન અનાજનો જથ્થો સગેવગે કરવામાં આરીફ નુરૂલઅમીન શેખ (રહે. શહેરા તાલુકા પંચાયત બાજુનું) નામ ખુલવા પામ્યું હતું. પોલીસ દ્વારા આરિફ શેખની ધરપકડ કરીને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. સરકારી એડવોકેટ રાકેશ ઠાકોર દ્વારા આરોપીના રીમાન્ડ બાબતે દલીલો કરી હતી. નામદાર કોર્ટ દ્વારા આરીફ નુરૂલઅમીન શેખના પાંચ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.

# શહેરા તાલુકાના આંબાજેરી કુણ નદી માંથી રેતીનું ગેરકાયદેસર ખનન



તસ્વીર : તુષાર દરજી, શહેરા

**- રોયલ્ટી પાસ વગર રોજીંદા હાઈવા અને ટ્રેકટર જેવા ૫૦ વાહનો દ્વારા રેતી ખનન.**
**- મોટાભાગના રેતી ભરેલ વાહનો નંબર વગરના.**
**- નદી માંથી જેસીબી દ્વારા રેતીનું ખનન કરાઈ રહ્યું છે. છતાં ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક તંત્ર મૂક પ્રેરક.**

શહેરા,

શહેરાના બાહી નજીક આવેલ આંબાજેટી ગામના પટેલ ફળિયા પાસે પસાર થતી કુણ નદી માંથી મોટાપાયે રેતીનુ ગેરકાયદેસર ખનન રાજેશ ઉર્ફે લાલા ભરવાડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જે.સી.બી. મશીનના મદદથી નદીમાંથી રેતી ભરીને રોયલ્ટી પાસ વગર રોજિંદા હાઈવા જેવા મોટા વાહનો સહિત ૫૦ કરતા વધુ ટ્રેકટરો રેતી ભરીને નીકળતા હોય છે. ખનીજ ચોર રાજકીય ક્ષેત્રે મોટી ગણાતી ભાજપ પાર્ટીમાં જોડાયેલો હોવાથી સબંધિત તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી નથી. બીજી તરફ મોટાભાગના ગેરકાયદેસર રેતી ભરેલ વાહનો પર નંબર પ્લેટ વગર નીકળતા હોય ત્યારે જિલ્લા ક્લેક્ટર અને જિલ્લા પોલીસ વડા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે જરૂરી છે.

શહેરા તાલુકાના ડેમલીથી બાહી માર્ગ ઉપર જવાના રસ્તા પર આવેલ આંબાજેટી ગામના પટેલ ફળિયા પાસે પસાર થતી કુણ નદીમાં પાછલા કેટલાક સમયથી સ્થાનિક ગામના રાજેશ ઉર્ફે લાલાભાઈ ભરવાડ દ્વારા જે.સી.બી મશીનના મદદથી મોટા પાયે ગેરકાયદેસર રેતી કાઢવામાં આવી રહી છે. અહી કુણ નદીમા કોઈ લીજ આવેલી નહી હોવા છતાં નદી માંથી રેતી કાઢીને હાઈવા જેવા મોટા વાહનો તેમજ ટ્રેક્ટરોમાં ભરીને રોયલ્ટી પાસ વગર ખનીજ વહન થતું હોય છે. ગેરકાયદેસર રેતી ભરીને નીકળતાં ભારે વાહનોના કારણે ગામના પાકા રસ્તાઓને પણ નુકસાન જતું હોય છે. ખનીજ ચોર લાલા ભરવાડ લુખ્ખી દાદાગીરી કરતો હોવાથી સ્થાનિક લોકો પણ તેને આ બાબતે કહી શકતા ન હોવાથી છૂપી રીતે તંત્રનું ધ્યાન દોરવા છતાં કોઈ જ કાર્યવાહી જોઈએ તેવી કરવામાં નહીં આવતા સ્થાનિક લોકોનો પણ છુપો આક્રોશ આ સામે જોવાઈ રહયો હતો. રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર અહીંથી ખનીજ ભરેલ હાઈવા, ટ્રેક્ટર સહિતના વાહનો પર નંબર પ્લેટ નહીં હોવા સાથે ઓવરલોડ ખનીજ ભરેલ તેમજ ડ્રાઈવર પાસે લાયસન્સના હોવા છતાં શહેરા અને ગોધરા ખાતે પોલીસ સામેથી પસાર થતા હોય છે. ભાજપ જેવી મોટી રાજકીય પાર્ટી સાથે જોડાયેલ ખનીજ ચોર રાજેશ ઉર્ફે લાલા ભરવાડ ગેરકાયદેસર રીતે નદી માંથી રેતી ખનન કરતો હોવાથી સરકારી તિજોરીને મસમોટું નુકસાન જતુ હોય ત્યારે જિલ્લા કલેક્ટર તેમજ ખાણ ખનીજ વિભાગ સાથે જિલ્લા પોલીસ વડા દ્વારા પણ આ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે જરૂરી છે. ખનીજ ચોર લાલા ભરવાડએ એક ગેંગ બનાવીને વર્ષ ૨૦૧૫ માં પણ અહીં તપાસ અર્થે આવેલી ખાણ ખનીજ ટીમ પર જીવલેણ હુમલો કરતા તેની સામે તે સમયે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આવા ગુનાહિત ઈતિહાસ ધરાવતા લાલા ભરવાડ કે જેની સામે પોલીસ મથકમાં ફરિયાદ પણ થઇ ચૂકી હોય તો આવા લુખ્ખા તત્વો સામે લોકહીત માટે નદીમાં થતી ખનીજ ચોરી અટકાવીને જે.સી.બી મશીન, હાઈવા, ટ્રેકટરો સહિતના વાહનો એના જપ્ત કરીને અસરકારક કાર્યવાહી કરવા સાથે એક કરોડથી વધુનો દંડ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવે જેથી ખનીજ ચોરો માટે દાખલારૂપ કાર્યવાહી બની શકે તો નવાઈ નહી.

ખાણ ખનીજ વિભાગ અને સ્થાનિક તંત્રના અધિકારીઓ એ ખનીજ ચોરી અટકે તે માટે અસરકારક કાર્યવાહી નહિ કરતા ખનીજ ચોરો ને ઘી કેળા થઈ જવા સાથે કુણ નદીની સુંદરતા માં ઘટાડો થયો છે. કુણ નદીમાં ગેરકાયદેસર રેતીનું ખનન અટકે તે માટે ગાંધીનગર ખાતે જાગૃત નાગરીક દ્વારા રજૂઆત કરવામાં આવનાર છે. રાજકીય ક્ષેત્રે જોડાયેલા મોટા માથાઓ દ્વારા તાલુકામાં બેફામ ખનીજ ખનન થતુ હોય ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા આ ગેરકાયદેસર ખનીજ ખનન અટકે તે માટે અલગ અલગ ટીમો બનાવીને અસરકારક કાર્યવાહી કરે તે જરૂરી છે....

તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ જમીન અને નદીમાંથી ગેરકાયદેસર રીતે ખનીજ કાઢીને વાહનોમાં રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતુ હોવાના કારણે સરકારી તિજોરી ને મસમોટું નુકશાન જવા છતાં જવાબદાર તંત્ર ના સરકારી બાબુઓને આ સામે કાર્યવાહી કરવા જિલ્લા કલેક્ટર આદેશ કરશે પછી પોતાની નૈતિક ફરજ સમજી કાર્યવાહી કરશે કે શું?

શહેરા ગોધરા જેવા ભરચક વિસ્તાર માંથી રોયલ્ટી પાસ વગર રેતી ભરેલ વાહન પસાર થવા છતાં ખાણ ખનીજ વિભાગ, પોલીસ તંત્ર અને મામલતદાર તેમજ પ્રાંત અધિકારી આ સામે કાર્યવાહી કરવામાં કોઈજ રસ નથી હોતો કે પછી કોઈ અન્ય કારણસર આ સામે તેઓનો છૂપો આશીર્વાદ તો નથી કે શુ? લીઝ ના હોવા છતાં કુણ નદી માંથી જે.સી.બીના મદદથી નદીમાં ઉંડા ખાડા કરીને રેતી કાઢવા આવી રહી હોય અને નંબર પ્લેટ વગર ના ૫૦ થી વધુ વાહનો દિવસ દરમિયાન રેતી ભરીને નીકળતા હોય તેમ છતાં કાર્યવાહી શૂન્ય થતી હોય તો છુપો આશિર્વાદ કોનો તે પણ એક સવાલ લોકોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## ગોધરા તાલુકા પોલીસે ગોલ્લાવ અને પરવડી ગામેથી ૧.૭૪ લાખના દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના ગોલ્લાવ અને પરવડી ચોકડી ઉપર સર્વેલન્સ ટીમે ત્રણ અલગ–અલગ સ્થળે રેઈડ કરીને ૧,૭૪,૯૬૦/– રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. ગોધરા તાલુકા પોલીસ ઈન્સ્પેકટરને મળેલ બાતમીના આધારે સર્વેલન્સ ટીમ દ્વારા ગોલ્લાવ ગામે બુટલેગર પર્વતભાઈ કોલાભાઈ પટેલના ઘરે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન બીયર ટીન નંગ–૪૮ તથા કવાટરીયા નંગ–૨૪૦ મળી ૩૮,૨૮૦/–રૂપીયાનો જથ્થો ઘર માંથી મળી આવ્યો હતો. જયારે ગોલ્લાવ ગામે રહેતા ભારતભાઈ કાંતીભાઈ પટેલના ઘરે રેઈડ કરતાં ઈંગ્લીશ દારૂ, બીયર ટીન નંગ–૭૨ તથા કવાટરીયા નંગ–૧૯૨ મળ કિંમત ૨૬,૪૦૦/–રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા હતો.

ગોધરા તાલુકાની પરવડી ચોકડી પાસેથી શંકાસ્પદ રીતે પસાર થતાં પીકઅપ ડાલુ નંબર જીજે.૨૩.જીસી.૦૭૧૬ને ઉભું રાખીને ચેકીંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન ઈંગ્લીશ બોટલો નંગ–૫૭૬, ૧૯,૨૮૦/–રૂપીયાનો જથ્થા સાથે દર્શન માધુસિંહ હઠીલા, બહાદુરસિંહ સોમાભાઈ ઉર્ફે ઉકાભાઈ નીનામા રહે. દાહોદને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોધાવા પામી છે.